
Veer Narmad
South Gujarat University, Surat
Re-accredited by NAAC with 'B++' grade
सत्यम् ज्ञानम् अनन्तम्




# ઈ–દક્ષિણાયન

## Dakshinayan e-Newsletter

For Private Circulation Only

Vol. 14, Issue. 247, April 2023

**પ્રિય વાચક મિત્રો,**

જગતમાં સર્જન સુખ પ્રાપ્તિ અને દુઃખદિવૃત્તિ માટે ઇચ્છા કરે છે. અને તેને જ પોતાનું અભિષ્ટ માની સુખ સંપ્રદાન અર્થે યથાશકિત યત્ન પણ કરે છે. જગતની યાવદ વસ્તુ અનિત્ય છે. અનિત્ય પદાર્થમાં સુખદાતૃપ્ત છે જ નહીં. કારણ કે એક વખત જે વસ્તુ સુખદાયક હોય તે જ બીજી વખત દુઃખદ નીવડે છે. વિષયોમાં જો સુખ હોય તો એક જ વિષય એકને સુખ આપે અને બીજાને દુઃખ આપે એમ ઘટે નહીં માટે દૃશ્ય જગતના યાવદ પદાર્થમાં અનંત જન્મ અભ્યાસથી સુખદાયક તત્વની ભ્રાંતિ જ છે. વિષયોમાં સુખજન તત્વ છે જ નહીં એ સિદ્ધાંત છે માટે સુખ પ્રાપ્તિ અને દુઃખ નિવૃત્તિ દુઃસંપાધ હોવાથી હાલનો ઘણો ખરો જનસમૂહ દુઃખનો જ અનુભવ કરે છે. આ દુઃખનું કારણ જગત સત્યત્વનો ભ્રહ્મ છે. જો જગત અસત્ય અને જગતના વિષયો અનિત્ય છે એવો નિશ્ચય થાય, તો અનિત્ય પદાર્થથી સુખ પ્રાપ્તિ માટે કોઈ પણ યત્ન કરે નહીં. ભારતીય પરંપરાના વાહક એવા આદિ શંકરાચાર્યનું ચરિત્ર ધર્મમુલક વિષયોની સાથે એક ધાર્મિક ઈતિહાસનો સંદર્ભ જોડાયેલો છે.

ભારતીય પરંપરાને પુનઃસ્થાપિત કરવા માટે શંકરાચાર્યનું જીવન નવી પેઢી જાણે એ પણ એક આવશ્યકતા છે. આપણે શિક્ષણ ક્ષેત્રમાં જે કંઈ શીખીએ છીએ તે શાને માટે છે એવો પ્રશ્ન થવો જોઈએ. સામાન્ય રીતે છેલ્લા કેટલાય વર્ષોથી ભારતની શિક્ષણ વ્યવસ્થામાં પશ્ચિમનો વિચાર કેન્દ્રસ્થ થયો છે ત્યારથી શિક્ષણ માત્ર નોકરી મેળવવા માટેનું સાધન બની ગયું હોય એવું દેખાય છે. વાસ્તવમાં શિક્ષાથી દીક્ષા અને એ દીક્ષા થી સમાજ વ્યવસ્થાને સુદ્રઢ કરવા માટેનું એક મહત્ત્વપૂર્ણ કાર્ય એટલે શિક્ષણ વાસ્તવમાં આવા વિચારથી આજે વિચારનાર લોકો ખૂબ ઓછા પ્રમાણમાં છે. એમાં એમનો દોષ નથી અત્યાર સુધી જે વ્યવસ્થાઓ હતી એ વ્યવસ્થાઓમાં જે પ્રકારથી વિચાર પ્રવર્તતો હતો. એ વિચારના કારણે જ કદાચ સૌ લોકો આ પ્રકારનો વિચાર કરતા હશે, સમય બદલાયો છે, આપણે શિક્ષણમાં ભારતીય પરંપરા, ભારતીય સંસ્કૃતિ, ભારતીય ઈતિહાસ, ભારતીય શાસ્ત્રો, ભારતીય જીવન પદ્ધતિ અને સૌમાં મનુષ્યનું સર્વજન સુખાય સર્વજન હિતાય બને તે લક્ષ હોય છે. આપણે આપણી પરંપરાઓ, આપણા રીતરિવાજો, આપણો ભારતીય સમાજ, જાતિ–વર્ગથી ઉપર ઊઠીને પરસ્પર માટે સદભાવ, સમભાવ અને સમરસતા રચાય તે આ શિક્ષણનું લક્ષ છે. આપણો વિદ્યાર્થી આપણી પાસેથી જે કાંઈ શીખે છે, જે કાંઈ સાંભળે છે, જે કાંઈ જુએ છે તેમાં એક શિક્ષક તરીકેનું આપણું ચરિત્ર, વ્યકિતત્વ, આચરણ આપણી પરંપરાને અનુકૂળ હોવું અનિવાર્ય છે. આપણામાંથી જ વિદ્યાર્થી શીખતો હોય છે, તે જોતો હોય છે તેવું જ ભવિષ્યમાં એ આચરણ કરતો હોય છે એટલે આપણી પરંપરાઓને પુનઃસ્થાપિત કરી ભારતીય ચરિત્રોને આદર્શ માની નવી પેઢીને તેની સાથે જોડીને, પરિચય કરાવીને નવા ભારતના નિમાર્ણમાં એક શિક્ષણ સંસ્થા તરીકે, એક શિક્ષક તરીકે, એક વ્યવસ્થાપક તરીકે, એક નાગરિક તરીકે આપણે સૌ સાથે વિચારીએ. જેમાં ભારતીય તત્વ, ભારતનો સ્વ, ભારતનું ચિંતન જે સર્વજન હિતાય સર્વજન સુખાયની ભાવના પ્રગટ કરે છે. આપણો વિદ્યાર્થી આપણી પરંપરાથી વિમુખ ન થતા પરંપરાનો વાહક બને. તે જ આપણું લક્ષ હોવું ઘટે છે આપણો વિદ્યાર્થી શિક્ષા પ્રાપ્ત કર્યા પછી સમાજ જીવનમાં સમાજની સેવા, સુશ્રુષા અને સમાજ સમર્પિત વ્યકિત તરીકે એક કર્તવ્ય નિષ્ઠ નાગરિક ધર્મ બજાવે ત્યારે સમજવું કે આપણા દ્વારા જે કંઈ અપાયું છે તે યોગ્ય છે તેનું પ્રમાણ એ વિદ્યાર્થીના વર્તન અને તેના કરતૃત્વમાં પ્રગટે છે. આ કાર્ય માત્ર શિક્ષણ સંસ્થાએ જ કરવાનું નથી પરંતુ તેની સાથે જે વિદ્યાર્થી પોતાના પરિવારમાંથી આવે છે એ પરિવારની પણ એટલી જ જવાબદારી છે કે વાલીઓએ પોતાના સંતાનોને પરંપરાના સંસ્કારો આપે, એના માટે પરિવાર પ્રબોધન આવશ્યક છે. બાળકને પ્રેમ, લાગણી, હુંફ આપી અને એક સંસ્કારિત વ્યકિત તરીકે એને સમાજ જીવનમાં મોકલવો તે પરિવારની, સમાજની જવાબદારી છે. આપણે આજકાલ બાળકને શિક્ષણ સંસ્થામાં મોકલીને આપણી જવાબદારીમાંથી મુકત બનીએ છીએ પરંતુ પરિવારમાં બાળક મોટું થાય છે તે પરિવારની મહત્વપૂર્ણ જવાબદારી છે. એ પરિવારનું વાતાવરણ, તેની સાથે જે તે સમાજનો પ્રવેશ પણ તે બાળકના ઘડતરમાં મહત્વપૂર્ણ બનતો હોય છે. તેથી તે જે સ્થાનેથી આવે છે તે સ્થાન, જે સમૂહમાંથી આવે છે તે સમૂહ. તેમાં પણ આપણી ભારતીય પરંપરા પ્રગટે પુનઃસ્થાપિત થાય તેવી એક અપેક્ષા આજે નવા ભારતના નિર્માણ તરફ જ્યારે જઈ રહ્યા છીએ ત્યારે તેનો વિચાર પણ ચોક્કસ કરવો જ પડે. જો આ પ્રકારથી બધું જ થાય તો આદર્શ નાગરિક આદર્શ વ્યકિત અને આદર્શ સમાજની નવરચના ચોક્કસ થઈ શકે છે. એમાં કોઈ શંકા નથી. આપણે આપણું કર્તવ્ય નિષ્ઠા પ્રમાણિકતા ખંતથી કરીએ તો કદાચ ભારત પરમ વૈભવ પર પહોંચવામાં કયાંય પાછો નહીં પડે એવી અપેક્ષા સાથે વિરમુ છું. જય ભારત....

તા. ૧ મે, ૨૦૨૩

(ડૉ. કિશોરસિંહ ચાવડા)
કુલપતિશ્રી

## યુનિવર્સિટી ન્યૂઝ

### G20 ના ઉપક્રમે સાયકલ રેલીનું આયોજન







વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે G20 ના ઉપક્રમે આજે તા. ૦૨/૦૪/૨૦૨૩ના રોજ સવારે ૦૭:૦૦ કલાકે લોકોમાં જાગૃતિ લાવવાના હેતુથી 'સાઇકલ રેલી ફોર સેવિંગ ઓફ એનર્જી'નું આયોજન યુનિવર્સિટી પરિસર ખાતે કરવામાં આવ્યું. આ રેલીમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી સહિત શારીરિક શિક્ષણ અને યુવા કલ્યાણ વિભાગના ડાયરેકટર શ્રી ડેવિડ પૉલ તથા તમામ વિભાગીય વડાશ્રીઓ, કો–ઓર્ડિનેટરશ્રીઓ, સેનેટ–સિન્ડિકેટ સભ્યશ્રીઓ, વહીવટી અધિકારીશ્રીઓ, શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. આ ઉપરાંત Cycling Association of Surat District, Surat Cyclist, Tarak Cycling Academy, Surat અને Cycling Club of Surat ના સભ્યશ્રીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સાઇકલ રેલીમાં યુનિવર્સિટી કેમ્પસના જ ૦૩ રાઉન્ડ કરવામાં આવ્યા. યુનિવર્સિટી દ્વારા સુરત મહાનગર પાલિકાના સંયોગથી સાઇકલની વ્યવસ્થા પણ કરવામાં આવી હતી. આ સાઇકલ રેલીનું સંચાલન યુનિવર્સિટીના શારીરિક શિક્ષણ અને યુવા કલ્યાણ વિભાગ દ્વારા કરવામાં આવ્યું હતું.

### સાઇકલ રેલી ફોર સેવિંગ ઓફ એનર્જી

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં G20 અંતર્ગત Saving of Energy વિષયના અનુસંધાનમાં સરકારશ્રીના સુચન અનુસાર તા. ૦૩/૦૪/૨૦૨૩ના રોજ સાઈકલ રેલીનું આયોજન સવારે ૭:૩૦ વાગ્યે યુનિવર્સિટી પરિસર ખાતે કરવામાં આવેલ હતું. જેમાં યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, યુ.ક અને શા.શિ. વિભાગના નિયામકશ્રી પોલ ડેવિડ, સિન્ડિકેટ–સેનેટ સભ્યશ્રીઓ, બોર્ડ ઓફ સ્પોર્ટસના સભ્યશ્રીઓ, તમામ વિભાગના વડાશ્રીઓ, પ્રાધ્યાપકો તથા અધિકારીઓ સાથે તમામ વિભાગના અંદાજીત ૪૫૦ જેટલા વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક તથા બિનશૈક્ષણિક સ્ટાફના સભ્યો હાજર રહ્યા હતા. આ સાઈકલ રેલીમાં યુનિવર્સિટીના ઓલ ઈન્ડિયા આંતર યુનિવર્સિટી સાયકલિંગ રોડ ૨૦૨૨–૨૦૨૩ ભાઈઓની ટીમના સિલ્વર મેડલ વિજેતા શ્રી શર્મા સચિન અને બહેનોની ટીમના બ્રોન્ઝ મેડલ વિજેતા કુ. ગુપ્તા, મુસ્કાન હાજર રહ્યાં હતાં. કુલપતિશ્રી અને કુલસચિવશ્રીએ ભાગ લઈને તમામ ભાગ લેનાર લોકોનો ઉત્સાહ વધાર્યો હતો. આ સાથે સુરતના સાઈકલિંગ એસોસિએશન ઓફ સુરત ડિસ્ટ્રીકટ, સુરત સાઈકલિસટ, તારક સાઈકલ એકેડમી સુરત અને સાઈકલિંગ કલબ ઓફ સુરત આ તમામ સાઈકલ એસોસિએશનના સભ્યોએ હાજર રહીને સદર G20 અંતર્ગત "Saving of Energy" વિષયની લોકજાગૃતિ લાવવા માટે સાઈકલ રેલીને સફળ બનાવવા મહત્વનું યોગદાન આપ્યું હતું.















FIT INDIA
Veer Narmad South Gujarat University, Surat
CYCLE RALLY
FOR
SAVING OF ENERGY











## રોજગાર ભરતી મેળાનું ઉદ્ઘાટન



વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, જીલ્લા શિક્ષણ અને તાલીમ ભવન સુરત તેમજ મદદનીશ નિયામક (રોજગાર) કચેરી સુરતના સંયુકત ઉપક્રમે તા. ૭/૪/૨૦૨૩ના રોજ સવારે ૦૯:૦૦ કલાકે યુનિવર્સિટીના બાયોટેક વિભાગના હોલ ખાતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના શિક્ષણ વિદ્યાશાખાના ડીનશ્રી ડૉ. પત્રલેખા એ. બરાડના વરદ હસ્તે 'ભવ્ય શિક્ષક ભરતી મેળા'નું ઉદ્દઘાટન કરવામાં આવ્યું.



શિક્ષકભરતી મેળો વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી ખાતે આવેલા શિક્ષણ વિભાગ, સાયન્સ બિલ્ડીગ અને શ્રીમદ્ રાજચંદ્ર પ્રાર્થના હૉલમાં કરવામાં આવ્યો હતો. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી વિસ્તારના ૮ જીલ્લામાંથી લગભગ ૭૦ જેટલી શાળાઓની આશરે ૪૦૦ થી વધુ શિક્ષકોની ખાલી જગ્યાઓ માટે આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અંતિમ વર્ષમાં અભ્યાસ કરતી પી.ટી.સી. તેમજ બી.એડ્.માં અભ્યાસ કરતી ભાવિ શિક્ષિકાઓએ ભાગ લીધો હતો, જેમાં શાળાના સંચાલક મંડળ અને આચાર્યશ્રીઓએ ઇન્ટરવ્યુ લઈ ૩૧૮ શિક્ષકોની પસંદગી કરી હતી.



કાર્યક્રમમાં મુખ્ય મહેમાન યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા અતિથિ વિશેષ તરીકે ચોર્યાસી મતવિસ્તારના લોકલાડીલા ધારાસભ્યશ્રી સંદિપભાઈ દેસાઈની પ્રેરક ઉપસ્થિતિ રહી હતી અને તેમણે શિક્ષક બનાવ માટે ઉત્સુક એવા ભાવિ શિક્ષકોને શુભાશિષ પાઠવ્યા હતા તથા યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, ડાયેટ સુરતના પ્રાચાર્યશ્રી યોગેશભાઈ પટેલ, યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. કશ્યપભાઈ ખરચિયા અને શ્રી કિરણભાઈ ઘોઘારી તેમજ યુનિવર્સિટીના સેનેટ સભ્યશ્રી મહેશભાઈ પંડયા, સેનેટ સભ્ય તથા કોર્પોરેટરશ્રી હિમાંશુભાઈ રાવલજી, કોપોરેટરશ્રી કૈલાશબેન પટેલ, કોર્પોરેટરશ્રી રશ્મિબેન સાબુ તથા જીલ્લા રોજગાર કચેરીના સહાયક નિર્દેશકશ્રી પારુલબેન પટેલ તથા ડાયેટના સિનિયર પ્રાધ્યાપકશ્રી સંજયસિંહ બરાડ અને કરિયર કાઉન્સેલરશ્રી બિપીનભાઈ માંગુકિયા તેમજ અન્ય મહેમાનશ્રીઓ ઉપસ્થિત રહ્યાં હતાં. યુનિવર્સિટી તરફથી સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્લેસમેન્ટ ઓફિસરશ્રી દર્શનભાઈ પુરોહિતે કર્યુ હતુ. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ભવ્ય 'રોજગાર ભરતી મેળા'માં અત્યાર સુધી વિવિધ યુનિવર્સિટીના લગભગ ૯૮૦ જેટલા ભાવિ શિક્ષકોએ ઓનલાઈન રજીસ્ટ્રેશન કર્યું હતું.
























## યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગ ખાતે વસ્તી ગણતરીના માઈક્રો ડેટા પર સંશોધન માટે વર્કસ્ટેશનનું ઉદ્‌ઘાટન

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને વસ્તી ગણતરી કામગીરી નિયામકની કચેરી, ગુજરાત તથા ગૃહ મંત્રાલય ભારત સરકાર વચ્ચે વસ્તી ગણતરીના માઈક્રો ડેટા પર સંશોધન માટે વર્કસ્ટેશન સ્થાપવા માટે એક MOU કરવામાં આવ્યો હતો. આ MOU પ્રસંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, અર્થશાસ્ત્ર વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. યોગેશ એન. વાસિયા અને ડૉ. મનિષ આર. પટેલ તેમજ વસ્તી ગણતરી કામગીરી નિયામકની કચેરી, ગુજરાતના ડાયરેકટર શ્રીમતી. આર્દ્ર અગ્રવાલ, ડેપ્યુટી ડાયરેકટર ડૉ. સંચિતા સરકાર અને આસિસ્ટન્ટ ડાયરેકટર શ્રી. મંગેશ એસ. કુભારે હાજર રહ્યાં હતાં.

પ્રસ્તુત વસ્તી ગણતરીના માઈક્રો ડેટા પર સંશોધન માટેનું વર્કસ્ટેશન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના

અર્થશાસ્ત્ર વિભાગ ખાતે પ્રસ્થાપિત કરવામાં આવેલ છે. પ્રસ્તુત વર્કસ્ટેશનનું ઉદ્‌ઘાટન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી ડૉ. કિશોરસિંહ ચાવડાના વરદ હસ્તે તા. ૦૭–૦૪–૨૦૨૩ ના રોજ બપોરે ૧૨:૩૦ કલાકે અર્થશાસ્ત્ર વિભાગમાં પ્રથમ માળે સમાજવિજ્ઞાન ભવન, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે રાખવામાં આવેલ હતો. આ ઉદ્‌ઘાટન પ્રસંગે આદરણીય શ્રી કુંવરજીભાઈ નરસિંહભાઈ હળપતિ, રાજ્યમંત્રી, આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામીણ વિકાસ, ગુજરાત સરકાર, આદરણીય શ્રી હર્ષ રમેશકુમાર સંઘવી, રાજ્યમંત્રી, રમતગમત, યુવા સેવા, સ્વૈચ્છિક સંસ્થાનું સંકલન, બિન–નિવાસી ગુજરાતીઓનું વિભાગ, પરિવહન, ગૃહ રક્ષક દળ અને ગ્રામ રક્ષક દળ, નાગરિક સંરક્ષણ, જેલ, સરહદ સુરક્ષા (તમામ સ્વતંત્ર હવાલો), ગૃહ અને પોલીસ આવાસ, ઉદ્યોગો, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ (રાજ્યમંત્રી), ગુજરાત સરકાર તથા આદરણીય શ્રી પ્રફુલ છગનભાઈ પાનશેરિયા, રાજ્યમંત્રી, સંસદીય બાબતો, પ્રાથમિક, માધ્યમિક અને પુખ્ત શિક્ષણ, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત સરકાર ને આમંત્રિત કરવામાં આવેલ છે. આ ઉપરાંત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સેનેટ–સિન્ડિકેટના સભ્યશ્રીઓ, વિવિધ વિભાગના અધ્યક્ષશ્રીઓ, વિવિધ અભ્યાસક્રમના કો–ઓર્ડિનેટરશ્રીઓ વિવિધ સંલગ્ન કોલેજના આચાર્યશ્રીઓ, વિવિધ ટ્રસ્ટી મંડળના સભ્યશ્રીઓ, દાતાશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, સંશોધકો અને વિદ્યાર્થીઓને આ ઉદ્‌ઘાટન પ્રસંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી પરિવાર તરફથી હાર્દિક આમંત્રણ પાઠવવામાં આવે છે.

વર્કસ્ટેશનની સ્થાપનાનો ઉદ્દેશ્ય લાયકાત ધરાવતા સંશોધકોને વસ્તીગણતરી દ્વારા પ્રકાશિત ન કરાયેલ ક્રોસ ટેબ્યુલેશન જનરેટ કરવા માટે એક્સેસની મંજૂરી આપીને ઊંડાણપૂર્વક સંશોધન માટે વસ્તી ગણતરીમાંથી અનામી માઈક્રો–ડેટાનો મહત્તમ ઉપયોગ કરવાની મંજૂરી આપવાનો છે. આ સુવિધા તે બધા લોકો માટે ખુલ્લી છે જેઓ યુનિવર્સિટીમાં નોંધાયેલા નથી અથવા તેનો ભાગ નથી તેવું વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ જણાવ્યું હતું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. આર.સી.ગઢવીએ જણાવ્યું હતું કે MOU મુજબ પ્રસ્તુત વર્કસ્ટેશન, સેન્સસ ૨૦૦૧, સેન્સસ ૨૦૧૧ અને તેના પછીના ગોપનીય માઈક્રો–ડેટા પર સંશોધન માટેની તમામ સુવિધાઓથી સંપૂર્ણપણે સજ્જ હશે. વર્કસ્ટેશન સંપૂર્ણ એરકન્ડિશન્ડ હશે અને તેમાં ડેટા એક્સેસ કરવા માટે કોમ્પ્યુટર ટર્મિનલનું નેટવર્ક હશે. માન્ય સંશોધન દરખાસ્તમાં જરૂરી ડેટા સેટની એક્સેસ પ્રદાન કરવા માટે યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક અને વડાશ્રી ડૉ. ગૌરાંગ ડી. રામીને વર્કસ્ટેશન પર ઉપલબ્ધ કરાયેલા સોફ્ટવેરનો જ ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવશે. સંશોધકો માન્ય આઉટપુટ છાપવા માટે વર્કસ્ટેશનમાં સ્થાપિત પ્રિન્ટરનો પણ ઉપયોગ કરી શકે છે. જોકે તેઓ કોઈ પણ ફોર્મેટમાં માઇક્રો–ડેટાની સોફ્ટ કોપી બહાર કાઢવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

## વસ્તી ગણતરીના માઈક્રો ડેટા પર સંશોધન માટે વર્કસ્ટેશનનું ઉદ્‌ઘાટન










વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી અને વસ્તી ગણતરી કામગીરી નિયામક કચેરી, ગુજરાત ગૃહ મંત્રાલય ભારત સરકાર વચ્ચે વસ્તી ગણતરીના માઈક્રો ડેટા પર સંશોધન માટે વર્કસ્ટેશન સ્થાપવા માટે એક MOU કરવામાં આવ્યો હતો. પ્રસ્તુત વસ્તી ગણતરીના માઈક્રો ડેટા પર સંશોધન માટેનું વર્કસ્ટેશન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગ ખાતે પ્રસ્થાપિત કરવામાં

આવેલ છે. જેનું આજે તા. ૦૭–૦૪–૨૦૨૩ ના રોજ સાંજે ૦૪:૦૦ કલાકે અર્થશાસ્ત્ર વિભાગ ખાતે ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું. પ્રસ્તુત વર્કસ્ટેશનનું ઉદ્‌ઘાટન શ્રી કુંવરજીભાઈ નરસિંહભાઈ હળપતિ (રાજ્યમંત્રી, આદિજાતિ વિકાસ, શ્રમ અને રોજગાર, ગ્રામીણ વિકાસ, ગુજરાત સરકાર) ના વરદ્ હસ્તે કરવામાં આવ્યું. આ ઉદ્‌ઘાટન પ્રસંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. મહેન્દ્ર દોલતસિંહ ચૌહાણ, ડૉ. કશ્યપસિંહ પ્રવિણસિંહ ખરચિયા, શ્રી હસમુખભાઈ પટેલ અને ડૉ.કે.સી. પોરીયા ઉપરાંત સેનેટ સભ્યશ્રીઓ, વસ્તી ગણતરી કામગીરી નિયામક કચેરી, ગુજરાતના ડેપ્યુટી ડાયરેક્ટર ડૉ. સંચિતા સરકાર અને આસિસ્ટન્ટ ડાયરેક્ટર શ્રી મંગેશ એસ. કુભારે, અર્થશાસ્ત્ર વિભાગના વડાશ્રી, વહીવટી અધિકારીઓ, શૈક્ષણિક–બિનશૈક્ષણિક સ્ટાફ સભ્યો તથા વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત પરંપરાગત રીતે દીપ પ્રાગટ્ય અને શ્લોક દ્વારા કરવામાં આવી હતી. કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ તમામ મહાનુભાવોનો શાબ્દિક પરિચય આપ્યો હતો અને તમામ આમંત્રિતોને આવકાર્યા હતા. ત્યારબાદ આદરણીયશ્રી ડૉ. સંચિતા સરકાર (ડેપ્યુટી ડાયરેક્ટર ઓફ સેન્સસ ઓપરેશન્સ, ડિરેક્ટરેટ ઓફ સેન્સસ ઓપરેશન્સ ગુજરાત, ગાંધીનગર) દ્વારા "Workstation for Research on Sample Micro Data from Census" અંગેની જાણકારી આપવામાં આવી. આદરણીય શ્રી કુંવરજીભાઈ નરસિંહભાઈ હળપતિએ પોતાના ઉદ્‌ઘાટન પ્રવચનમાં જણાવ્યું હતું કે ભારતના યશસ્વી પ્રધાનમંત્રી આદરણીયશ્રી નરેન્દ્રભાઈ મોદીજી અને ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલજી માને છે કે આજના યુગમાં 'માહિતી એ શકિત છે અને માહિતીનો સંગ્રહ પોતે જ ખૂબ ખર્ચાળ છે.' ઘણા દેશો સંશોધકોને વ્યકિતગત સંશોધન માટે વસ્તી ગણતરીની વિશાળ ડેટાસેટની એકસેસની મંજૂરી આપે છે. ભારત સરકારે સંશોધકો સુધી પણ આ સુવિધાનો વિસ્તાર કર્યો છે અને ભારતીય વસ્તી ગણતરીના માઈક્રો–ડેટા પર સંશોધન માટે વિવિધ યુનિવર્સિટીઓ/સંસ્થાઓમાં આ પ્રકારના વર્કસ્ટેશનની સ્થાપના કરી છે, જેમાંનુ એક આપણી વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં કાર્યરત થવા જઈ રહ્યું છે. આ માટે તેમણે યુનિવર્સિટીને અભિનંદન આપ્યા હતા. યુનિવર્સિટીના આદરણીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા દ્વારા પ્રસંગોચિત ઉદ્‌બોધન આપવામાં આવ્યું હતું.

યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા એ જણાવ્યું હતું કે, વર્કસ્ટેશનની સ્થાપનાનો ઉદ્દેશ્ય લાયકાત ધરાવતા સંશોધકોને વસ્તીગણતરી દ્વારા પ્રકાશિત ન કરાયેલ ક્રોસ ટેબ્યુલેશન જનરેટ કરવા માટે એકસેસની મંજૂરી આપીને ઊંડાણપૂર્વક સંશોધન માટે વસ્તી ગણતરીમાંથી અનામી માઈક્રો–ડેટાનો મહત્તમ ઉપયોગ કરવાની મંજૂરી આપવાના છે. આ સુવિધા તે બધા લોકો માટે ખુલ્લી છે જેઓ યુનિવર્સિટીમાં નોંધાયેલા નથી અથવા તેનો ભાગ નથી. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલસચિવશ્રી ડૉ. આર. સી. ગઢવીએ જણાવ્યું હતું કે, MOU મુજબ પ્રસ્તુત વર્કસ્ટેશન, સેન્સસ ૨૦૦૧, સેન્સસ ૨૦૧૧ અને તેના પછીના ગોપનીય માઈક્રો ડેટા પર સંશોધન માટેની તમામ સુવિધાઓથી સંપૂર્ણપણે સજ્જ હશે. વર્કસ્ટેશન સંપૂર્ણ એર કન્ડીશનર હશે અને તેમાં ડેટા એક્સેસ કરવા માટે કોમ્પ્યુટર ટર્મિનલનું નેટવર્ક હશે. માન્ય સંશોધન દરખાસ્તમાં જરૂરી ડેટા સેટની એકસેસ પ્રદાન કરવા માટે યુનિવર્સિટીના અર્થશાસ્ત્ર વિભાગના પ્રાધ્યાપક અને વડાશ્રી ડૉ. ગૌરાંગ ડી. રામીને વર્કસ્ટેશનની જવાબદારી સોંપવામાં આવી છે. આ ઉપરાંત સંશોધકને ટેબ્યુલેશન માટે વર્કસ્ટેશન પર ઉપલબ્ધ કરાયેલા સોફટવેરનો જ ઉપયોગ કરવાની પરવાનગી આપવામાં આવશે. સંશોધકો માન્ય આઉટપુટ છાપવા માટે વર્કસ્ટેશનમાં સ્થાપિત પ્રિન્ટરનો પણ ઉપયોગ કરી શકે છે. જોકે તેઓ કોઈપણ ફોર્મેટમાં માઈક્રો–ડેટાની સોફટકોપી બહાર કાઢવાની મંજૂરી આપવામાં આવશે નહીં.

કાર્યક્રમના અંતમાં અર્થશાસ્ત્ર વિભાગના વડાશ્રી ડૉ. ગૌરાંગ ડી. રામી દ્વારા કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ નો આભાર માનવામાં આવ્યો અને કાર્યક્રમ સફળ રહ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન અર્થશાસ્ત્ર વિભાગના આસિસ્ટન્ટ પ્રોફેસર ડૉ. યોગેશ એન. વાંસિયા દ્વારા કરવામાં આવ્યું હતું.

## યુનિવર્સિટીની તેજસ્વી વિદ્યાર્થિની એ ખુબ નાની હાઈટ સાથે મોટી સફળતા મેળવી







વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની તેજસ્વી વિદ્યાર્થિની પટેલ વૃંદની કૌશિકકુમાર કે જેમની હાઈટ સામાન્ય માણસ કરતા ઘણી નાની છે તેઓએ વર્ષ: ૨૦૨૩ માં GSET પાસ કર્યું જે યુનિવર્સિટી માટે આજના યુવાનો માટે તથા તમામ માનવ જીવન માટે ખુબ ગૌરવની વાત છે. તેમનું સ્વપ્ન છે કે તેઓ અધ્યાપક બને પરંતુ તેમની નાની હાઈટને કારણે તેને કઈ કૉલેજ એક અધ્યાપક તરીકે નોકરી આપશે તે મોટો સવાલ હતો અને તેમના માટે મોટા પડકાર રૂપ હતું અને

આવા ઘણા બધા પડકારોની વચ્ચે રહીને તેમણે મહેનત કરી અને GSET પરીક્ષા પાસ કરી. GSET ની પરીક્ષામાં હેન્ડીકેપ પરીક્ષાર્થીઓ 30% એ પાસ થાય પરંતુ તેમને આ કેટેગરીમાં આવવું ન હતું તેમને સામાન્ય વ્યકિત તરીકે આ પરીક્ષા પાસ કરવી હતી તો તેમણે તે મર્યાદાને પણ પાર કરીને ૫૧% સાથે GSET પાસ કર્યુ. ઉપરાંત તેઓ તેમના પિતાશ્રીના ટ્યુશન કલાસીસમાં પણ અકાઉંટીગ, ઓડીટીગ અને એમ.લો. ભણાવે છે અને તેમના પિતાશ્રી કૌશિક કુમારે ભણાવવાની એવી અનોખી તાલીમ આપી છે કે તેઓ બ્લેક બોર્ડનો ઉપયોગ કર્યા વગર જ વિદ્યાર્થીઓના મગજમાં સીધું ઊતરે તેવું ભણાવે છે તથા હાલમાં તેઓનું પીએચ.ડી. ઉધના સિટીઝન કૉલેજના અધ્યાપકશ્રી ડૉ. ક્રિના શાહનાં માર્ગદર્શન હેઠળ ચાલી રહ્યું છે. ઉપરાંત તેઓ ટુ વ્હીલર તથા ફોર વ્હીલર પણ ચલાવે છે. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા એ કહ્યું કે, તેમને યુનિવર્સિટી પરિસરમાં અધ્યાપક તરીકેનું પદ આપવામાં આવશે જે ગર્વની વાત છે. તેણીએ એમ પણ કહ્યું કે, તે તેમના પિતાશ્રીના કલાસીસમાં ભણાવે છે તે પૂરતું નથી, તેમને તેમની અલગ ઓળખાણ જોઈએ છે જે તેમની પોતાની હોય. આ તમામ વાતો આજના યુવાનોને પ્રેરિત કરે છે કે જો જીવનમાં કઈક કરવું હોય તો અઢળક પડકારો હોવા છતાં કયારેય હાર ન માનીને સતત મહેનત કરવાથી સફળતા મળે છે જેમાં બે મત નથી. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી તથા યુનિવર્સિટી પરિવારે તેમને શુભકામનાઓ પાઠવી અને સફળતાના શિખરો સર કરે તેવી શુભેચ્છાઓ આપી.

## યુનિવર્સિટીની વિદેશી વિદ્યાર્થિનીઓ સુરત સાડી વોકેથોનમાં જોડાઈ















સુરત મહાનગર પાલિકા દ્વારા સુરત 'સાડી વોકેથોન'નું અદ્ભૂત આયોજન તા. ૦૯ એપ્રિલ, ૨૦૨૩ ના રોજ સવારે ૬:૩૦ કલાકે કરવામાં આવ્યું હતું. જેમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે વિવિધ વિભાગોમાં વિદેશી વિદ્યાર્થિનીઓ ભારતીય સાડી પહેરી ઉત્સાહભેર જોડાઈ હતી. જે આપણા માટે ખૂબ ગૌરવની વાત છે. ભારતીય સ્ત્રીઓની વસ્ત્રથી ઓળખાણ એટલે કે સાડી. સાડી વોકેથોનમાં યુનિવર્સિટીએ વિદેશી વિદ્યાર્થિનીઓ માટેની સાડીની અને સાડી પહેરાવવા માટેની વ્યવસ્થા કરી હતી તેમજ તમામને લેવા–મૂકવા માટે બસની વ્યવસ્થા પણ કરેલી હતી. સુરત સાડી વોકેથોન એ પોલીસ પરેડ ગ્રાઉન્ડથી લઈને જાની લોચો

અને ત્યાંથી ફરી પોલીસ પરેડ ગ્રાઉન્ડ એમ ૩ કિ.મો. ની પરેડ હતી. સુરતની લગભગ ૧૫૦૦૦ થી વધારે સ્ત્રીઓએ સાડી પહેરીને વોક કર્યું હતું અને એમાં વળી ગરબા તો કેમ ભુલાય? યોગ ગરબાની ટીમ દ્વારા વોકેથોન દરમ્યાન યુનિવર્સિટીની વિદેશી વિદ્યાર્થિનીઓએ તથા તમામ મહિલાઓએ સાડી પહેરીને યોગ ગરબા પણ કર્યા. અહી આજના આ દ્રશ્ય પરથી 'વસુધૈવ કુટુમ્બકમ' એવું ગર્વ સાથે કહી શકીએ. યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યશ્રી ડૉ. પારુલબેન વડગામા, કેમેસ્ટ્રી વિભાગના વડાશ્રી ડૉ. સૌરભબેન પટેલ, બાયોસાયન્સ વિભાગના અધ્યાપકશ્રી કૈલાશબેન પટેલ, ગર્લ્સ હોસ્ટેલના સંચાલક ડૉ. યશોધરા ભટ્ટ દ્વારા સંચાલન કરવામાં આવ્યું. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા તથા કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ આપણી સંસ્કૃતિની સુંદરતા અને ભવ્યતા અન્ય દેશોમાં પણ જાણીતી થાય તે માટે કંઈક નવું કરવા માટે વિદેશી વિદ્યાર્થિનીઓ સહભાગી બને તેવી તૈયારીઓ કરાવી અને તમામે ભાગ લીધો.

## "આત્મનિર્ભરતા કી ઓર બઢતા જનજાતિય યુવા" પર સેમિનારનું આયોજન

આઝાદીના અમૃત મહોત્સવ નિમિત્તે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે તા. ૦૮/૦૪/૨૦૨૩ ના રોજ " આત્મનિર્ભર કી ઓર બઢતા જનજાતિય યુવા" પર સેમિનારનું આયોજન વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના મુખ્ય મહેમાન તરીકે પદ્મશ્રી (સામાજિક કાર્યકર્તા) શ્રીમતી રમિલાબેન ગામિતની પ્રેરણાદાયી ઉપસ્થિતિ રહી હતી. કાર્યક્રમના મુખ્ય વકતા તરીકે સરકારી સંબંધો અને ઉદ્યોગ ભાગીદારી અને આંતરરાષ્ટ્રીય હિમાયતના – રાષ્ટ્રિય કૌશલ્ય વિકાસ નિગમના વડાશ્રી પારૂલ મહાજન તેમજ પ્રખ્યાત લેખક, કોલમીસ્ટ અને સામાજિક કાર્યકર્તા શ્રી ધવલભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો.

કાર્યક્રમના મુખ્ય વકતાશ્રી પારૂલ મહાજને જણાવ્યું હતું કે, ભારતના જનજાતિય યુવાઓને આત્મનિર્ભરતાની દિશામાં આગળ લઈ જવામાં આ એક ખૂબ મોટું કદમ ગણાવી, રાષ્ટ્રિય કૌશલ વિકાસ નિગમ દેશના જનજાતિય યુવાઓને આત્મનિર્ભર બનાવવા માટે તત્પર છે. ગ્રામીણ ઉદ્યમી પરિયોજના દ્વારા દેશભરમાં ૭૭૦૦૦ કુટુંબોને લાભાન્વિત કરવાનું લક્ષ્ય છે જેમાં ઈલેકિટ્રકલ અને સોલાર એનર્જી એગ્રીકલચર મીકેનાઈઝેશન, ઇ–ગવર્નન્સ, પ્લમ્બિંગ એન્ડ મેસોન્રી, ટુ વ્હીલર રીપેર એન્ડ મેન્ટેનન્સ સ્કીલ ટ્રેનીગ આપવામાં આવી રહી છે તે અંગે માહિતગાર કર્યા.

વકતાશ્રી ધવલભાઈ પટેલે જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારે જનજાતિ સમાજના વિકાસ માટે પહેલાની તુલનામાં ત્રણ ગણા બજેટની જોગવાઈ કરી છે. જનજાતિ સમાજના કુટુંબોની સાંસ્કૃતિક ઓળખ ટકી રહે અને તેમનું સ્થળાંતર થતું અટકે તેના માટે જનજાતિય ક્ષેત્રના સાંસદ સભ્ય દસ ગામોને સંસદીય સંકુલ વિકલ યોજના હેઠળ સ્થાનિક માળખાગત સુવિધાઓ ઊભી કરી સ્થાનિક કુટુંબોને મદદરૂપ થવા પ્રતિબદ્ધ છે તેમ જણાવ્યું હતું. પદ્મશ્રી (સામાજિક કાર્યકર્તા) શ્રીમતી રમિલાબેન ગામિતે તેમના સામાજિક કાર્ય થકી સમાજમાં જનજાગૃતિથી સરકારની વિવિધ યોજનાઓનો લાભ લોકો સુધી પહોંચે તે માટે તેમના પ્રયાસોથી સ્વચ્છ ભારત મિશન હેઠળ દરેકના ઘરે શૌચાલયની સુવિધા ઉપલબ્ધ કરાવી માનવ સુખકારીમાં તેમનાં યોગદાન અંગે જણાવ્યું હતું. કાર્યક્રમમાં મહેમાન તરીકે ઉપસ્થિત વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના સિન્ડિકેટ સભ્યશ્રી કિરણભાઈ ઘોઘારીએ નેશનલ સ્કિલ ડેવલપમેન્ટ કોર્પોરેશન અન્ડર યુનિયન ગવર્નમેન્ટ મિનિસ્ટ્રી ઓફ સ્કિલ ડેવલપમેન્ટ એન્ડ એન્ટ્રેપ્રેનિયરશીપ અને યુનિવર્સિટી વચ્ચે એમ.ઓ.યુ. (MoU) કરવાની પહેલ કરી હતી જેથી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને રોજગારલક્ષી સ્કિલ વિકસાવી તેમની રોજગારીની તકો વધારી શકાય. કાર્યક્રમ દરમિયાન જનજાતિ સમાજના વિદ્યાર્થીઓ અને અન્ય સહભાગીઓ દ્વારા પ્રશ્નોત્તરી કરવામાં આવી હતી. આ પ્રસંગે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના માનનીય કુલસચિવ ડૉ. રમેશદાન સી. ગઢવી, સેનેટ અને સિન્ડિકેટ સભ્યશ્રીઓ, વિવિધ વિભાગોના અધ્યક્ષશ્રીઓ, અધ્યાપકશ્રીઓ, સમાજના પ્રબુદ્ધ નાગરિકો અને વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના સંયોજક ડૉ. દિપક ભોયે દ્વારા સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન કરવામાં આવ્યું હતું.













## વહીવટી જગ્યાઓ માટે ગ્રાન્ટ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા વિવિધ નવા ભવનોનાં બાંધકામ, નવીનીકરણ, સમારકામ, સુધારા–વધારા અને સારસંભાળ, વાહન અને યુનિવર્સિટીની વિવિધ વહીવટી જગ્યાઓ અને ડૉ. બાબાસાહેબ આંબેડકર ચેર માટે ગ્રાન્ટ ફાળવવા માટે રાજ્ય સરકારશ્રીને દરખાસ્ત પાઠવવામાં આવેલ હતી, જે દરખાસ્ત અવલોકનમાં લઈ ગુજરાત સરકારશ્રી દ્વારા હકારાત્મક અભિગમ દાખવી યુનિવર્સિટીને નીચે મુજબની રૂ.૬૬,૪૭,૭૭,૨૦૦/– ની માતબર ગ્રાન્ટ મંજૂર કરવામાં આવેલ છે.

| ક્રમ | વિગત | મંજુર કરેલ ગ્રાન્ટ |
|---|---|---|
| ૧ | કર્મચારીઓના પગાર ભથ્થા | ૨૯,૯૦,૯૦,૦૦૦/– |
| ૨ | વિવિધ શૈક્ષણિક/વહીવટી જગ્યાઓ | ૩,૫૭,૦૦,૨૦૦/– |
| ૩ | નવું વહીવટી ભવન | ૨૭,૦૦,૦૦,૦૦૦/– |
| ૪ | નવું લાઈબ્રેરી ભવન | ૫,૩૭,૦૩,૦૦૦/– |
| ૫ | વિવિધ ભવનો ખાતે વોટર પ્રુફીંગ | ૮,૮૪,૦૦૦/– |
| ૬ | વાહન (ગાડી) | ૫૦,૦૦,૦૦૦/– |
| ૭ | ડૉ. બાબાસાહેબ આંબેડકર ચેર | ૪,૦૦,૦૦૦/– |
| | કુલ રકમ | ૬૬,૪૭,૭૭,૨૦૦/– |

યુનિવર્સિટીના ઈતિહાસમાં એક જ સમયે ઉપરોક્ત મુજબની સૌથી વધુ ગ્રાન્ટ ફાળવવા માટે યુનિવર્સિટી ગુજરાત સરકારશ્રીના માન. મુખ્યમંત્રીશ્રી, માન. નાણામંત્રીશ્રી, માન. શિક્ષણમંત્રીશ્રી, સંસદ સભ્યશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, શિક્ષણ વિભાગ તથા યુનિવર્સિટીના સર્વે સેનેટ–સિન્ડિકેટ સભ્યશ્રીઓનો હાર્દિક આભાર વ્યકત કર્યો હતો.

## 'મધ્યસ્થ દર્શન આધારિત જીવન વિદ્યા'

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં 'મધ્યસ્થ દર્શન આધારિત જીવન વિદ્યા' વિષય આધારિત વર્કશોપનું આયોજન તા. ૧૩/૦૪/૨૦૨૩, ગુરુવારના રોજ સવારે ૧૧:૦૦ થી ૪:૦૦ કલાક દરમ્યાન યુનિવર્સિટીના કોમ્પ્યુટર સાયન્સ વિભાગના સેમિનાર હોલ ખાતે કરવામાં આવેલ હતું. આ વર્કશોપમાં માર્ગદર્શન આપવા માટે પૂરા ભારતમાં ૬૦૦ થી વધુ વર્કશોપ કરનાર શ્રી સોમાભાઈ ત્યાગી ઉપસ્થિત રહ્યા હતા. આ સાથે વર્કશોપમાં યુનિવર્સિટીના મા. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, યુ.ક. અને શા.શિ વિભાગના નિયામકશ્રી, સિન્ડિકેટ સભ્યશ્રીઓ, સેનેટ સભ્યશ્રીઓ, બોર્ડ ઓફ સ્પોર્ટસના સભ્યશ્રીઓ તથા તમામ વિભાગના ૧૫૦ થી વધુ જેટલા સભ્યો હાજર રહ્યા હતા, "મધ્યસ્થ દર્શન આધારિત જીવન વિદ્યા" આધારિત આ વર્કશોપમાં દરેક વ્યકિતને આપણા સમાજ જીવનમાં શિક્ષણના હેતુ વિષય પર ચર્ચા –વિચારણા કરી યોગ્ય માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.
















## શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ ની ચાલુ જોડાણની પ્રક્રિયા પ્રવેશ કાર્યવાહી શરૂ થયા પહેલા મહદઅંશે પૂર્ણ કરવા બાબત

શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ની ચાલુ વધારાના સ્વનિર્ભર અભ્યાસની જોડાણની ૨૭૯ પ્રોગ્રામોની મળેલ અરજી સંદર્ભમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સિન્ડિકેટની તા. ૧૪–૦૪–૨૦૨૩ ની સભામાં રજૂ થયેલ અહેવાલો પૈકી ૧૪૮ પ્રોગ્રામોના અહેવાલો મંજૂર કરવા સાથે ૧૫ પ્રોગ્રામો માટે ચકાસણી સમિતિ નિયુકત કરેલ છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ની ચાલુ જોડાણના સ્વનિર્ભર અભ્યાસક્રમોની જોડાણ અરજી સંદર્ભમાં ૧૦૩ પ્રોગ્રામો એકેડેમિક કાઉન્સિલની તા. ૧૨–૦૪–૨૦૨૩ની સભાએ મંજૂર કરી સિન્ડિકેટને ભલામણ કરેલ છે, જે ભલામણ પરત્વે નજીકના દિવસોમાં અતિમ નિર્ણય સિન્ડિકેટ દ્વારા લેવામાં આવશે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ દરમિયાન અરજીકર્તા કૉલેજો પૈકી કુલ ૨૮ પ્રોગ્રામની ભલામણ નજીકનાં દિવસોમાં અધિકાર મંડળમાં મંજૂરી માટે રજૂ કરવામાં આવશે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ની પ્રવેશ કાર્યવાહી શરૂ થયા પહેલા યુનિવર્સિટી સંલગ્ન કૉલેજોની જોડાણની કાર્યવાહી પૂર્ણ કરશે. સદર હુ કાર્યવાહી માટે સહકાર આપનાર સ્થાનિક તપાસ સમિતિના તમામ સભ્યશ્રીઓનો, અનુસ્નાતક શિક્ષણમંડળ એકેડેમિક કાઉન્સિલ અને સિન્ડિકેટના સર્વે આદરણીય સભ્યશ્રીઓનો માન. કુલપતિશ્રી હદયપૂર્વક આભાર માને છે.

- શૈક્ષણિક વર્ષ ૨૦૨૩–૨૪ ના ચાલુ વધારાના જોડાણની માહિતી

| પ્રોગ્રામ | સિન્ડિકેટે તા. ૧૪/૪/૨૦૨૩ દ્વારા અપાયેલી મંજૂરી | એકેડમિક કાઉન્સિલ દ્વારા મંજૂરી કરી સિન્ડિકેટ કરેલ ભલામણ | જોડાણની મંજૂરી બાકી |
|---|---|---|---|
| એમ.કોમ | ૨ | ૨ | – |
| બી.એડ. | ૧૨ | ૩ | – |
| બી.એસ.સી. | ૨૩ | ૧૧ | ૪ |
| બી.સી.એ. | ૧૫ | ૯ | – |
| એમ.એસ.સી. | ૧૪ | ૧૨ | ૧ |
| બી.એસસી. (નર્સિંગ) | ૮ | ૧૪ + ૫ | ૩ + ૪ |
| ઓપ્ટોમેટ્રી (UG-PG) | ૪ | – | – |
| બી.કોમ | ૨૮ | ૫ | ૬ |
| ફીઝીઓથેરાપી (UG-PG) | ૩ | ૮ + ૩ | – |
| બી.બી.એ | ૧૬ | ૪ | ૧ |
| બી.એ. | ૪ + ૧ કાયમી | ૨ | ૫ |
| બી.આર.એસ. | ૪ | ૧ | – |
| બી.એસ.ડબલ્યુ | ૧ | – | – |
| એમ.એસ.ડબલ્યુ | ૩ | – | ૧ |
| બી.આર્ક | ૨ | – | – |
| પીજી.ડી.એમ.એલ.ટી | ૩ | ૨ | – |
| બી.એચ.એમ.એસ. | ૩ | ૨ | – |
| એમ.બી.બી.એસ | | ૧ | ૧ |
| પોસ્ટ બેઝીક નર્સિંગ | ૧ | ૫ | ૨ |
| ડિપ્લોમાં મેડિકલ | – | ૨ | – |
| એલ.એલ.બી. | – | ૧ | – |
| એમ.ડી. | – | ૯ | – |
| બી.એસસી. ડેટા સાયન્સ | – | ૧ | – |
| એમ.એ. | – | ૧ | – |
| રિસર્ચ સેન્ટર | ૧ | – | – |
| ૨૭૯ | ૧૪૮ | ૧૦૩ | ૭ + ૨૧=૨૮ |

## MoU

તા. ૧૫/૦૪/૨૦૨૩ના રોજ યુનિવર્સિટીના વહીવટી ભવન ખાતે બપોરે ૧:૦૦ કલાકે ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચિંગ એન્ડ ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગર અને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત વચ્ચે MoU સંદર્ભે મીટિંગનું આયોજન કરવામાં આવેલ હતું. આ મિટિંગમાં ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી, જામનગરનાં કુલપતિશ્રી ડૉ. મુકુલ પટેલ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, બાયોસાયન્સ વિભાગના નિવૃત વિભાગીય વડાશ્રી ડૉ. મિનુંભાઈ પરબિયા, સિન્ડિકેટ સભ્યશ્રીઓ, અનુસ્નાતક વિભાગના વડાશ્રી, પ્રાધ્યાપકો તથા વહીવટી અધિકારીશ્રીઓ હાજર રહેલ હતા. જેમાં ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી જામનગરનાં કુલપતિશ્રી ડૉ. મુકુલ પટેલ દ્વારા આયુર્વેદનું મહત્ત્વ જણાવેલ હતું. કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા એ આયુર્વેદમાં રસ દાખવ્યો હતો. કુલસચિવશ્રી રમેશદાન સી. ગઢવી દ્વારા સભ્યશ્રીઓને આવકારવામાં આવ્યા હતા તથા સિન્ડિકેટ સભ્યશ્રી/ભૌતિકશાસ્ત્રના વિભાગીય વડાશ્રી ડૉ. કિશોર પોરિયા દ્વારા આભારવિધિ કરવામાં આવી હતી.










## પ્લેસમેન્ટ, ટ્રેનિંગ એન્ડ ડેવલોપમેન્ટ સેલ

શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ અંતર્ગત યુનિવર્સિટીના વિવિધ વિભાગોમાં ભણતા વિદ્યાર્થીઓ પૈકી કુલ ૩૧૫ વિદ્યાર્થીઓ/વિદ્યાર્થિનીઓ ને અત્યાર સુધીમાં નોકરીની ઓફર થઈ ચુકી છે, જેમાં વધુમાં વધુ રૂ. ૧૨.૦૦ લાખના વાર્ષિક પગારની ઓફર થઈ છે જ્યારે એવરેજ પગાર ધોરણ રૂ. ૨.૬૫ લાખનું રહ્યું હતું અને ૧૨૧ થી વધુ કંપનીઓએ કેમ્પસ પ્લેસમેન્ટ પ્રક્રિયામાં ભાગ લીધો હતો.

સૌ પ્રથમ યુનિવર્સિટી ખાતે જીલ્લા શિક્ષણ તાલીમ ભવન સુરત અને મદદનીશ નિયામક (રોજગાર ) કચેરી, સુરતના સંયુક્ત ઉપક્રમે ફકત શિક્ષકો માટેના ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ૭૦ જેટલી શાળાઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું અને જેમાં ૪૧૮ જેટલી ખાલી જગ્યાઓ પ્રાપ્ત થઈ હતી અને જેમાં ૩૧૮ જેટલા વિદ્યાર્થીઓની શાળા સંચાલકો અને તેમની ટીમ દ્વારા પસંદગી કરવામાં આવી હતી. જ્યારે ૯૦૦ થી વધુ વિદ્યાર્થીઓએ રજીસ્ટ્રેશન કરાવ્યું હતું.

## પીએચ.ડી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાનાં માર્ગદર્શન હેઠળ, જે.ઝેડ.શાહ આર્ટસ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકેની ફરજ બજાવતા સી.એસ.શ્વેતા પ્રહલાદભાઈ પટેલ દ્વારા 'A Study on the Evaluation of Profitability and Dividend Policy of the Selected Aluminium Companies in India' શીર્ષક હેઠળ મહાશોધ નિબંધની રજૂઆત કરવામાં આવી હતી, જેને વીર

નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માન્ય રાખી તેમને કોમર્સ/એકાઉન્ટન્સીના વિષયમાં પીએચ.ડી.ની પદવી એનાયત કરી છે. એલ્યુમિનિયમ ઉદ્યોગ ભારતની અર્થવ્યવસ્થાના વિકાસમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે તથા મેક ઈન ઈન્ડિયા, સ્ટેન્ડ અપ ઈન્ડિયા અને સ્ટાર્ટઅપ ઈન્ડિયા જેવી ઝુંબેશ શરૂ કરીને દેશ વિશ્વમાં સૌથી આશાસ્પદ અને સૌથી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા બની ગયો છે. એલ્યુમિનિયમ કંપનીઓ માટે, સંપત્તિનું મહત્ત્મીકરણ અને ડિવિડન્ડ બંને ઈચ્છિત છે. ઊંચા ડિવિડન્ડ વિતરણ, વિકાસ માટે ભંડોળની ઓછી જાળવણી તરફ દોરી જશે અને કમાણીની ઊંચા ડિવિડન્ડમાં ઘટાડો થશે જે મોટાભાગના શેરધારકોને અસંતુષ્ટ કરશે. તેથી, બંને નિર્ણયો એકબીજા સાથે સુસંગત હોવા જોઈએ અને સ્વતંત્ર રીતે કોઈ નિર્ણય લેવો જોઈએ નહીં. વર્તમાન અભ્યાસમાં આ વિષય પર વિશ્લેષણ કરેલ છે તેમજ ભારતની એલ્યુમિનિયમ કંપનીઓની નફાકારકતા અને ડિવિડન્ડ પોલીસીના મૂલ્યાંકન પર અભ્યાસ કરેલ છે. ઉપરાંત કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબના માર્ગદર્શન હેઠળ ૧૪ પીએચ.ડી અને ૦૭ એમ.ફીલની આમ, કુલ ૨૧ વિદ્યાર્થીઓએ સફળતા મેળવી છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા સાહેબે અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ તેઓને શુભેચ્છાઓ પાઠવી છે.




## પીએચ.ડી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પીએચ.ડી.ના વિદ્યાર્થિની સીમા કૌશિક નેમાનીએ એસ.પી.બી.કોલેજના એસોસિએટ પ્રોફેસર ડૉ. પુન્યપ્રવા પ્રધાનનાં માર્ગદર્શન હેઠળ સ્વ–સહાય જૂથો દ્વારા સંચાલિત માઈક્રો એન્ટરપ્રાઈઝનું પ્રદર્શન (ડાંગ જિલ્લાનો અભ્યાસ) વિષયમાં કરેલા સંશોધનને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માન્યતા આપી તેઓને પીએચ.ડી. ની ડિ.ગ્રી એનાયત કરી છે. ગુજરાત રાજ્યનું પ્રથમ એવું રીસર્ચ કે જે ડાંગ જિલ્લાના આદિવાસીઓની સામાજિક અને આર્થિક વ્યવસ્થાને આજના યુગમાં ટકી શકે તે રીતે બનાવવા માટે ઘણા સુધારાઓ કઈ રીતે કરી શકાય તે અંગે રીસર્ચ કર્યુ, ડાંગ જીલ્લામાં તમામ મહિલાઓ દ્વારા માઈક્રો એન્ટરપ્રાઈઝ (લઘુ ઉદ્યોગ) માં થીસિસ તૈયાર કર્યુ અને તેમના ટ્રેડીશન અને તેમના કામ પર સંશોધન કરી તેમના વિશે જાણકારી ભેગી કરી જાણવા મળ્યું કે ડાંગ જિલ્લાની મહિલાઓ ટ્રેડીશનલ કામ કરતી જોવા મળે છે અને તેની એક મર્યાદા આવી જાય છે એટલે તે મહિલાઓ કંઈક નવું કાર્ય કરી શકે, તેઓની ક્ષમતા અને દુનિયાની ટેકનોલોજી સાથે મળીને કંઈક નવીન કામ કરી શકે અને સમાજ માટે પ્રેરણા બની શકે તે માટે રીસર્ચ કરવામાં આવ્યું. આ રીસર્ચ ડાંગની ઉન્નતિ અને પ્રગતી માટે સરકાર, NGOs અને કોપોરેટ ક્ષેત્ર માટે એક માર્ગદર્શક બની શકે. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ તેઓને શુભેચ્છાઓ પાઠવી હતી.




## પીએચ.ડી.

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના પીએચ.ડી.ના વિદ્યાર્થિ તથાગત પંકજભાઈ પટેલએ એસ.પી.બી. કોમર્સ કૉલેજના એસોસિએટ પ્રોફેસર ડૉ. પુન્યપ્રવા પ્રધાનનાં માર્ગદર્શન હેઠળ "સુરત શહેરના કાપડ ઉદ્યોગના સંદર્ભમાં જીએસટીનો અભ્યાસ" વિષયમાં કરેલા સંશોધનને વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ માન્યતા આપી તેઓને પીએચ.ડી.ની ડિગ્રી એનાયત કરી છે. સુરતના કાપડ ઉદ્યોગના સંદર્ભે GSTના અભ્યાસ પર આ સંશોધન કાર્ય કરવામાં આવેલ છે. ભારતનો કાપડ ઉદ્યોગ વિવિધ બજાર વિભાગો માટે વિવિધ પેદાશોનું ઉત્પાદન કરવા સક્ષમ છે. GST એ ભારતના પરોક્ષ કર માળખામાં મોટો સુધારો છે. આ સંશોધન કાર્યમાં વિવિધ GST પાસાઓ પ્રત્યે કાપડના વેપારીઓની ધારણા અને સંતોષ સ્તર દર્શાવવામાં આવ્યું છે. આ સંશોધન કાર્ય કાપડ ઉદ્યોગ સાથે જોડાયેલી વિવિધ વ્યક્તિઓ અને નીતિ ઘડનારાઓ માટે ઉપયોગી સાબિત થશે. યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવીએ તેઓને શુભેચ્છાઓ પાઠવી હતી.



### માસ કમ્યુનિકેશન એન્ડ જર્નાલીઝમ વિભાગના બે વિદ્યાર્થીઓ ફિલ્મ પ્રોડકશનમાં ઈન્ટર્ન તરીકે સીલેકટ થયા

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતેના માસ કમ્યુનિકેશન એન્ડ જર્નાલીઝમ વિભાગના બે વિદ્યાર્થીઓ લલ્લુવાડિયા તીર્થ અને શુભમ પાંડેને રંગ ફિલ્મસ–નોન ગવર્નમેન્ટ ઓર્ગેનાઈઝેશન સેવા મંદિર, ઉદયપુર, રાજસ્થાન જે શોર્ટ ડોકયુમેન્ટરી ફિલ્મ પ્રોડકશન કરે છે તેમાં ઈન્ટર્ન તરીકે તક આપવામાં આવી. ફીલ્મ–મેકર જનાંતિક શુકલ અને પ્રતિક ભાલાવાલાએ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીનો આભાર માન્યો છે. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, કુલસચિવશ્રી ડૉ. રમેશદાન સી. ગઢવી, માસ કમ્યુનિકેશન એન્ડ જર્નાલીઝમ વિભાગના વડાશ્રી ડૉ. ભરતભાઈ ઠાકોર તથા વિભાગના અધ્યાપકશ્રી ડૉ. કિરણ મિત્તલ દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.





### વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી દ્વારા લેવામાં આવી નવી પહેલ

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને સતત પ્રોત્સાહન પૂરું પાડે છે. તથા તેઓના સર્વાંગી વિકાસ માટે સતત નવી કામગીરીઓ તથા પ્રવૃત્તિઓ કરતા રહે છે. તેવી જ રીતે વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ ઈંગ્લીશના વિદ્યાર્થી મીત મોદી કે જેઓ દ્રષ્ટિવિહોણા છે, તેઓ માટે યુનિવર્સિટી દ્વારા નવી પહેલ હાથ ધરવામાં આવી છે.

દ્રષ્ટિવિહોણા હોવાથી તેઓના માટે લેપટોપ અને ડિજિટલ માધ્યમથી પરીક્ષા આપી શકે તેવી સુવિધા પૂરી પાડવામાં આવી છે. હમણાં સુધી પરીક્ષાની પદ્ધતિમાં દ્રષ્ટિવિહોણા વિદ્યાર્થીઓ માટે રાઈટર રાખી પરીક્ષા લેવામાં આવતી હતી, જેમાં ઘણી બધી મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો, જેને ધ્યાનમાં લઈ નવી શિક્ષણ નીતિ તથા નવી ટેકનોલોજીની મદદથી યુનિવર્સિટી દ્વારા અંગ્રેજી વિભાગના વિદ્યાર્થી મીત મોદીને લેપટોપ અને તેને લગતી જરૂરી તાલીમ આપવામાં આવી. જેથી તે ટાઈપીંગ, વોઈસ કમાન્ડ અને સ્ક્રીન રીડર ફિડબેક પદ્ધતિનો ઉપયોગ કરી સ્વનિર્ભર બની પરીક્ષા સહેલાઈથી આપી શકે. દ્રષ્ટિવિહોણા વિદ્યાર્થીઓ માટે યુનિવર્સિટી દ્વારા Information & Communication Technology નો ઉપયોગ કરી ડિજિટલ માધ્યમોનો ઉપયોગ કરી સહેલાઈથી ભણતર થઈ શકે તે માટે એક નવી પહેલ હાથ ધરવામાં આવી છે.

## Department of Interior Design

### Emerging Bharat's New Architectural Language for the World સેમીનાર

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના ડિપાર્ટમેન્ટ ઓફ ઈન્ટીરીયર ડિઝાઈન દ્વારા તા. ૨૮ માર્ચ ૨૦૨૩ ના રોજ "Emerging Bharat's New Architectural Language for the World સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ભરૂચ સ્થિત અને વિશ્વભરમાં ભારત રાષ્ટ્રને રીપ્રેઝન્ટ કરવા અને ભારતીય સંસ્કૃતિ તેમજ આર્કિટેકચર એક નવું રૂપ આપવા માટે મહત્ત્વનો ભાગ ભજવનાર આર્કિટેકટ કલાપી બુચ દ્વારા પ્રેઝન્ટેશન કરવામાં આવ્યું હતું. આર્કિટેકટ કલાપી બુચે તેમના પ્રોજેકટ કે જેમાં તેમને સંગીતના રાગમાંથી આર્કિટેકચરલ ફોર્મ તૈયાર કર્યા છે, જેની ફકત કલ્પના નહીં પરંતુ એકઝેકયુટ પણ કર્યા છે. તેમને ૨૦૧૫ થી લઈ આજ દિન સુધી રીજનલ અને નેશનલ ઘણા બધા એવોર્ડસથી સન્માનિત પણ કરવામાં આવ્યા છે. આ પ્રેઝન્ટેશનમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાએ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે હાજરી આપી હતી. ઈન્ટીરીયર ડિઝાઈનના કો–ઓર્ડિનેટર પ્રો.મેહુલ પટેલનાં માર્ગદર્શન હેઠળ તથા G20 કો–ઓર્ડિનેટર આસિ.પ્રો.અંકિત ચાંગાવાલા અને G20 Volunteer team દ્વારા આ આયોજન કરવામાં આવ્યું હતું.








## Master Architect of Todays Generation Ar. Kalapi Buch

There is a saying, learn from the masters, learn from your contemporaries, you will always be updated to a new level. Knowing the importance of the quote, "The greatest education is watching the master at work", the department of Interior Design with the support of Dr. Kishorsinh Chavda and department Co- ordinator Mr. Mehul Patel under the G20 co- ordinator of Department of Interior Design, Mr. Ankit Changawala had invited the dynamic master Architect of the present generation, Ar. Kalapi Buch.








"Every art expression is rooted fundamentally in the personality of the artist." To Justify the quote to the utmost extent, Ar. Kalapi Buch is the perfect example for the same. He is extremely grounded to the culture of India and its origin i.e. Sanskrit. His personality, respecting the tradition of India, wearing dhoti is what makes him different from others. He says, as an architect we have given extreme importance to North as if we have married it. But actually the architects are ruled by 10 directions and we should respect each one individually.



As a student, Ar. Kalapi Buch had a line in his mind, "Jo hashe to Mari hashe-line" Never get influenced by any architects is what he believed. He always wanted to develop his own unique style. He believed, "Work to bring dignity to architecture " In his initial stages, it took him 5 years just to design a residence as he had no reference after which the execution part took place.



As balance of noise and sound is the best way to think, balance of space and form is similarly the best. Above it, never forgetting the balance between built and open spaces. The designing process starts by developing grids. Grids doesn't mean that it has to be just square. He belonged to the family with rich knowledge in art and music. Through his grid technique and rich background of music, he gave birth to a new concept of architecture - Muzitecture. Wherein he developed the concepts with the help of his sister in law who had immense knowledge in arts and music and developed the ragas of the concept. Later, the ragas were converted into the grids of circle through which the mandala art was created. His unique practice of inculcating art in architecture has what made him different from others.



Ar. Kalapi Buch believes mandala is natural occurrence to the design. Architect is the translator who shapes the structure through the outcome of the concept. Mandala helps to bring the balance. He develops the plan and section from the grid of the mandalas and then gives birth to the unique brick bond for each design. Each mandala needs a unique bond to justify it. Just understand the brick and mortars to support the structure. He uses different local bricks to represent each swaras.





He respects the mother land, the soil, the site so much that whenever he first visits the site, he removes his pagarkha, touches the ground for 4-5 minutes. Thanks god that he got the opportunity to design that particular piece of land out of the entire world and sorry for any mistakes that occurs during the execution to the Dharti Mata. The spiritual practice of him touching the ground itself reveals him what it wants to be and what will be the outcome. No matter how big you become, staying grounded will always help you rich higher.







## Kapda Bank Initiative by Well Established Design Firm - The Esteem in Department of Interior Design

As designers, the design is considered incomplete without getting executed. As designers, we design the structures we dream while the workers help in achieving our dreams on site. To help the laborer on site, the well established design firm of Surat, the Esteem team has initiated a program called 'Kapda Bank' for the betterment of labourers. The Esteem team had presented the motive behind the program 'Kapda Bank' at the department of Interior Design, VNSGU led by G20 Co-Ordinator of Dept. of Interior Design, Mr. Ankit Changawala and event Co-ordinator,, Ar. Yashvi Kapadia, the vision of the Kapda Bank was also shared.





## Sports Day- Cricket Tournament of Departemnt of Interior Design

Sports are a fun way to keep the physical activity at part with the mental growth needs. At the same time, sports balance the static nature of academic education. Considering the importance of sports day for students, a sports event is organized every year On 26th Januray Republic Day, by the department of Interior Design, VNSGU with the department co-ordinator Mr Mehul Patel and co-ordinating faculty, Mr. Ankit Changawala.

Sports need mental discipline like focus and concentration which are very necessary for academic education as well. This year, to develop the skill of leadership and teamwork, a Cricket Tournament was organized wherein each team had 2 girls playing with them. Considering the girls, special rules were made for them. Also, to develop a healthy relationship with the other designing departments, department of Fine Arts and department of Architecture were also a part of the tournament. Not forgetting the importance of alumni and faculties, they were also invited. It was overall a successful event with lots of fun and laughter.





## Department of Interior Design Donated their Clothes which were in Good Condition

Inspired from the presentation, the students of department of Interior Design donated their clothes which were in good condition.

The students along with the co-ordinaronting faculty, Ar. Yashvi Kapadia visited a site at Ichapore which was led by the team Esteem. The happiness that the students saw while donating the clothes on the faces of labourers who bring our dream into reality with their blood and sweat was unforgettable.







**Related Study Program - South Goa**

As a part of the curriculum, the students of Department of Interior Design conduct Related Study Programs (RSP) wherein the students are taken to various places throughout India to study the rich culture and vast heritage. Under the same purpose they are guided for studying the history and documenting the various historic structures through the medium of measure drawings, sketches, technical details and photography.




We, the student body of bachelors in interior design, VNSGU thank the hon. Vice Chancellor, Dr. Kishorsinh Chavda and dept. co-ordinator Mr Mehul Patel to give us the opportunity to study the culture and architecture of Goa as a part of RSP. We would also like to thank the RSP co-ordination Mr Ankit Changawala for guiding us in learning the depth of Goan culture and architecture. It was our pleasure that we got a chance to learn about Indo-Portuguese architecture of South Goa which has a lot of influence of lifestyle and traditions of people on their residences. The amalgamation of Indian and Portuguese architecture appeared seemless.



The owners of Indo-Portuguese houses were kind enough to give us the opportunity to study their houses. We even discussed with them their culture, history, life style. The love and affection they had towards us at the time of leaving was very precious. We were fortunate enough to recieve the help and support from Goan police for providing us the security and a letter to have faith of people on us.





The institute has visited places like Mandu & Maheshwar (Madhya Pradesh), Hampi,Badami & Pattadakal (Karnataka), Banni Village (Kutch/Bhuj), Jaiselmer (Rajasthan), Rander & Nanavat (Surat) and Sagwara (Rajasthan), Pondicherry (Auroville) Mcleodganj and dharamshala, Kalimpong (West Bengal), Pangot (Uttarakhand), Built heritage of Surat city.

## એન્યુઅલ ડિસ્પ્લેનું આયોજન

યુનિવર્સિટીના નર્મદ ભવન ખાતે ચાલતા ડિપાર્ટમેન્ટ ઓફ ફાઈન આર્ટ્સમાં તા. ૦૧/૦૪/૨૦૨૩ થી તા. ૦૪/૦૪/૨૦૨૩ દરમ્યાન છેલ્લા વર્ષ (એપ્લાઈડ આર્ટ, પેઈન્ટીંગ અને સ્કલ્પચર)ના વિદ્યાર્થીઓનું અભ્યાસક્રમના ભાગરૂપે Annual Display નું આયોજન ડિપાર્ટમેન્ટ ઓફ ફાઈન આર્ટસ, નર્મદ ભવન અને આર્ટ ગેલેરી, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત ખાતે કરવામાં આવ્યું હતું. જેનું ઉદ્‌ઘાટન કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, સેનેટ સભ્યશ્રી કિરણભાઈ ઘોઘારી, શૈક્ષણિક સંઘના સભ્ય ડૉ. કેતનભાઈ દેસાઈ અને કો–ઓર્ડિનેટરશ્રી મેહુલભાઈ પટેલના વરદ્ હસ્તે તા. ૦૧/૦૪/૨૦૨૩ના રોજ બપોરે ૩:૦૦ વાગ્યે કરવામાં આવેલ હતું, જેમાં છેલ્લા વર્ષના ૫૭ વિદ્યાર્થીઓ દ્વારા આખા વર્ષ દરમ્યાન તૈયાર કરવામાં આવેલ ૩૦૦ થી ૪૦૦ કૃતિઓનું ડિસ્પ્લે કરવામાં આવેલ હતું. તા. ૦૩/૦૪/૨૦૨૩નાં રોજ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવેલ કૃતિઓનું વિષય નિષ્ણાત દ્વારા પરીક્ષણ બાદ 'શ્રેષ્ઠ કલાકૃતિ' અને 'શ્રેષ્ઠ વિદ્યાર્થી' જેવા પારિતોષિક એનાયત કરવામાં આવ્યાં. દાતાઓ દ્વારા આપવામાં આવેલ સર્ટીફીકેટનું કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાશ્રી ના વરદ હસ્તે વિતરણ કરવામાં આવ્યું હતું.


































## Department of Sociology


### યુનિવર્સિટીના એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામ, સમાજશાસ્ત્ર વિભાગ ખાતે યોજાયેલ કેમ્પસ ઈન્ટરવ્યું




વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગ અંતર્ગત ચાલતા MSW પ્રોગ્રામ દ્વારા તારીખ ૨૯–૦૩–૨૦૨૩ના રોજ વિવિધ સેવાકીય કાર્યો માટે જાણીતી સંસ્થા શ્રીમદ રાજચંદ્ર એજ્યુકેશનલ ટ્રસ્ટના સહયોગથી એમ.એસ.ડબલ્યુના અંતિમ સેમેસ્ટરમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને રોજગારીની યોગ્ય તકો મળી રહે તે હેતુથી વિભાગ ખાતે કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કેમ્પસ ઈન્ટરવ્યુ શ્રીમદ્ રાજચંદ્ર એજ્યુકેશન ટ્રસ્ટ ધરમપુર દ્વારા ચલાવવામાં આવતા વિવિધ સેવાકીય પ્રોજેકટ માટે આઉટરીચ પ્રોજેકટ કો–ઓર્ડિનેટરની પસંદગી કરવા માટે યોજવામાં આવ્યું હતું. કેમ્પસ ઈન્ટરવ્યુ એમ.એસ. ડબલ્યુના હાલના અને ૨૦૨૨ના વર્ષ મળીને ઉપરોકત જગ્યા માટે રસ ધરાવતા કુલ પંદર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. સદર કેમ્પસ ઈન્ટરવ્યુમાં શ્રીમદ રાજચંદ્ર એજ્યુકેશન ટ્રસ્ટના વહીવટીદાર શ્રીમતી કૃપાબેન દેસાઈ, શ્રીમદ રાજચંદ્ર વિદ્યાપીઠના નિયામક શ્રી અંકિત પારેખ ઉપસ્થિત રહ્યાં હતાં.વિદ્યાર્થીઓનો ઉત્સાહ વધારવા માટે વિભાગ તરફથી એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામના કો–ઓર્ડિનેટર ડૉ. અરુણ પંડયા, ડૉ. બહાદુર સિંહ વસાવા, તથા શ્રી નવીનકુમાર રોહિત હાજર રહ્યા હતા. કેમ્પસ ઈન્ટરવ્યુની શરૂઆત મહેમાનોના શાબ્દિક સ્વાગત દ્વારા કરવામાં આવી હતી. ત્યારબાદ તમામ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ પેનલ દ્વારા એક પછી એક વ્યકિતગત રીતે ઈન્ટરવ્યુ કરવામાં આવ્યા હતા. ઈન્ટરવ્યુમાં વિદ્યાર્થીઓના ઉચ્ચ દેખાવનાં પરિણામે તમામ વિદ્યાર્થીઓના ઈન્ટરવ્યુ બાદ કુલ આઠ વિદ્યાર્થીઓને ઈન્ટરવ્યુ પ્રક્રિયાના બીજા તબક્કા માટે સિલેકટ કરવામાં આવ્યા હતા. અંતિમ સેમેસ્ટરની પરીક્ષા શરૂ થતાં પૂર્વે આમ આઠ વિદ્યાર્થીઓ ઈન્ટરવ્યુ પ્રક્રિયાના બીજા તબક્કામાં પસંદગી પામવા બદલ વિભાગના તમામ અધ્યાપકો એ હર્ષની લાગણી વ્યકત કરી હતી તથા ઈન્ટરવ્યુના આગળના રાઉન્ડ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. સમગ્ર કેમ્પસ ઈન્ટરવ્યુનું આયોજન વિભાગના યુજીસી નેટ એસ.આર.એફ ફેલો શ્રી નવીનકુમાર રોહિત દ્વારા વિભાગના અધ્યક્ષ ડૉ. એમ.એન.ગાયકવાડ તથા એમ.એસ.ડબલ્યુ પ્રોગ્રામના કો–ઓર્ડિનેટર ડૉ. અરુણ પંડયાનાં માર્ગદર્શન અને દેખરેખ હેઠળ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે MSW પ્રોગ્રામના કો–ઓર્ડિનેટરશ્રીએ શ્રીમદ્ રાજચંદ્ર એજ્યુકેશનલ ટ્રસ્ટ, યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, વિભાગના અધ્યક્ષ તથા સાથે ઉપસ્થિત વિભાગના અધ્યાપકોનો અને ઈન્ટરવ્યુમાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓનો આભાર માન્યો હતો.







## કોલેજ ન્યૂઝ

### જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલી.

### એક દિવસીય સેમિનારનું આયોજન



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીમાં તા. ૦૧–૦૪–૨૦૨૩ના રોજ ઈ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી. રાણાનાં માર્ગદર્શન હેઠળ "NEP-2020: Updating Capabilities of College Teachers" ના એક દિવસીય સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મુખ્ય મહેમાન તરીકે યુનિવર્સિટીના કુલપતિશ્રી પ્રિ. ડૉ. કિશોરસિંહ એન. ચાવડા અને અતિથી વિશેષશ્રી તરીકે જીવન જ્યોત ટ્રસ્ટના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રીઓ ગિરધર ગોપાલ મુંદ્રા, ભાનુભાઈ શાહ, મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, કમિટી સભ્યશ્રી મહેન્દ્રભાઈ સોલંકી હાજર રહ્યા હતા.

મુખ્ય વક્તા તરીકે સેનેટ સભ્યશ્રી સી.એ. બાલકિશનભાઈ અગ્રવાલ, સેક્રેટરી શ્રી ડૉ. હિનાબેન એસ. ઓઝા, શાહ એન.એચ. કોમર્સ કોલેજ, વલસાડના ભૂતપૂર્વ આચાર્યશ્રી ડૉ. જે. એમ. નાયક, યુનિવર્સિટીના ભૂતપૂર્વ કુલપતિશ્રી ડૉ. ભાસ્કર રાવલ, બાયોસાયન્સ ડીપાર્ટમેન્ટના પ્રાધ્યાપકશ્રી ડૉ. રાજેશભાઈ પટેલે હાજર રહી દરેક પ્રાધ્યાપકોને G20 અને NEP-2020 વિશે વિસ્તૃત માહિતી આપી હતી. ઈ.ચા.પ્રિ.ડૉ. રાજેશકુમાર ડી. રાણાએ શબ્દો દ્વારા અને કોલેજના અન્ય પ્રાધ્યાપકોએ પુસ્તકો દ્વારા મુખ્ય મહેમાનશ્રી, વકતાશ્રીઓ અને અતિથિ વિશેષશ્રીઓનું સ્વાગત કરી હાલમાં નેટ, જીસેટ, પીએચ.ડી., સુપરવાઈઝર, નવા નિમાયેલા આચાર્યશ્રીઓ અને શિક્ષકમિત્રોને પ્રમાણપત્ર અને મોમેન્ટો આપી પ્રોત્સહિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત પ્રાર્થના અને યુનિવર્સિટી કૉલેજ ગીતથી કરવામાં આવી હતી. કૉલેજના પ્રાધ્યાપકમિત્રો તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાતની દરેક કૉલેજના પ્રાધ્યાપકો તેમજ આચાર્યશ્રીઓ હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અને આભારવિધિ માંડવી કૉલેજના ઈ.ચા.આચાર્યશ્રી જે.આઈ. શાહ અને આર.વી.પટેલ કૉલેજના આચાર્યશ્રી ડૉ. મુકેશ ગોયાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

### સ્ટડી સેન્ટરને "શ્રેષ્ઠ અભ્યાસ સેન્ટર" નો એવોર્ડ



જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલી સંચાલિત જે.ઝેડ.શાહ. આર્ટ્સ એન્ડ એચ.પી.દેસાઈ કોમર્સ કોલેજ, અમરોલીના ઈ.ચા.પ્રિ.ડૉ.રાજેશકુમાર ડી.રાણાનાં માર્ગદર્શન હેઠળ ચાલતા ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના અભ્યાસ કેન્દ્રને તા. ૧૪–૦૪–૨૦૨૩ના રોજ ૧૩૨મી ડૉ. બાબાસાહેબ આંબેડકર જયંતિ નિમિત્તે "Best Education Center" તરીકેનો એવોર્ડ મળ્યો હતો.

ડૉ. બાબા સાહેબ આંબેડકર યુનિવર્સિટીના અભ્યાસ કેન્દ્રને શ્રેષ્ઠ કામગીરી બદલ આંબેડકર યુનિવર્સિટી દ્વારા ૮ મા દીક્ષાંત સમારંભમાં ગુજરાત રાજ્યના રાજ્યપાલ મહામહિમ આદરણિય શ્રી આચાર્ય દેવવ્રતજી, કેબિનેટ કક્ષા શિક્ષણ મંત્રી શ્રી ઋષિકેશ પટેલજી, રાજ્યકક્ષા શિક્ષણમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરિયાજી, કુલપતિ ડૉ. અમીબેન ઉપાધ્યાયના વરદહસ્તે જીવન જ્યોત ટ્રસ્ટના માનદ્મંત્રીશ્રી અનુજભાઈ શાહ, શ્રી અશ્વિનભાઈ પટેલ, ઈ.ચા.આચાર્યશ્રી ડૉ. રાજેશકુમાર ડી.રાણા, સેન્ટર સંયોજક ડૉ. ચિરાગભાઈ સિધ્ધપુરીયા, સહસંયોજક ડૉ. મયંકભાઈ સોઢા હાજર રહ્યા હતા. યુનિવર્સિટી દ્વારા ૨૦ જેટલા કામગીરી પરિણામ નક્કી કરવામાં આવ્યા હતા જેમાં સ્ટડી સેન્ટરે શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું હતું અને સેન્ટરની બેસ્ટ પ્રેકિટસ વખાણી હતી. આંબેડકર યુનિવર્સિટી દ્વારા પ્રથમવાર આવા એવોર્ડ આપવામાં આવ્યા હતા.

### પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટિટયૂટ ઓફ મેનેજમેન્ટ, આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ, વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ, સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લિકેશન એન્ડ સાયન્સ, અમરોલી.

### "અમરોલી સ્વનિર્ભર બી.બી.એ. કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા રી–યુનિયનનું આયોજન"

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ,આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ), વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૮–૪–૨૦૨૩ના રોજ બી.બી.એ.ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું રી–યુનિયનનું

આયોજન કૉલેજ કેમ્પસમાં કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈશાહ, ઉપ પ્રમુખશ્રી ભાનુભાઈ શાહ, માનદ્ મંત્રી અશ્વિનભાઈ પટેલ તેમજ ટ્રસ્ટીશ્રી ગૌરાંગભાઈ દેસાઈ, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ ચાવડા, કૉલેજના આચાર્ય ડૉ. મુકેશ ગોયાણી તેમજ કૉલેજના તમામ શૈક્ષણિક અને વહીવટી સભ્યો તથા કૉલેજના ભૂતપૂર્વ અધ્યાપકો હાજર રહ્યા હતા.




આ આયોજનમાં શૈક્ષણિક વર્ષ ૧૯૯૮ થી ૨૦૨૩ સુધીના વિદ્યાર્થીઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા, જે પૈકી ૧૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ હાજર રહ્યા હતા. આ કોલેજમાંથી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરનાર જેવા કે સરકારી કચેરીમાં ઉચ્ચ હોદ્દો, નામાંકિત મોટી કંપનીઓ તથા બેંક ક્ષેત્રમાં ફરજ બજાવતા, પોલીસ ખાતામાં ફરજ બજાવતા, જજ જેવાં ઉચ્ચ પદ પર, સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અગ્રેસર, શૈક્ષણિક ક્ષેત્રે, સામાજીક ક્ષેત્રે, ઉદ્યોગક્ષેત્રે અગ્રણી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ રી–યુનિયન કારોબારીની રચના કરી હતી. રી–યુનિયન કારોબારીની રચના કરવાનો મુખ્ય ઉદ્દેશ દર મહિને એકવાર અલગ અલગ હેતુથી ભેગા થવાનું, જેના થકી કૉલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સામાજીક, શૈક્ષણિક અને આર્થિક રીતે મદદ કરી શકાય. સમગ્ર કાર્યક્રમ આયોજન કોલેજ આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણી તેમજ બી.બી.એ. ના કો–ઓર્ડિનેટર પ્રા.ડૉ. સ્વાતી મહેતાનાં માર્ગદર્શન હેઠળ પ્રા. ડૉ. નિલેશ પટેલ અને પ્રા.રાકેશ પટેલ તેમજ બી.બી.એ.ના સ્ટાફ સભ્યોના સહકારથી થયુ હતું. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને વ્યવસ્થા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે બધા ભેગા મળી સુરૂચિ ભોજન લઈ કાર્યક્રમનું સમાપન થયું હતું.

## અમરોલી સ્વનિર્ભર બી.સી.એ કોલેજમાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા રી–યુનિયનનું આયોજન

જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી. શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ,આર.વી.પટેલ કૉલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ),વી.એલ.શાહ કૉલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ), સુટેક્ષ બેંક કૉલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીમાં તા. ૧૫/૪/૨૦૨૩ના રોજ બી.સી.એ.ના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું રી–યુનિયનનું આયોજન કોલેજ કેમ્પસમાં કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાન તરીકે જીવન જ્યોત ટ્રસ્ટ, અમરોલીના પ્રમુખશ્રી ભરતભાઈ શાહ, ઉપપ્રમુખશ્રી ભાનુભાઈ શાહ, માનદ્ મંત્રીશ્રી અશ્વિનભાઈ પટેલ, માનદ્ મંત્રીશ્રી અનુજભાઈ શાહ તેમજ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડા, ભૂતકાળમાં બી.સી.એ.કોલેજનું નામ આપનાર સુટેક્ષ કો.ઓ.બેંકના હાલના ડિરેકટરશ્રી કાર્તિકભાઈ યુ. હાથિવાલા, ડિરેકટરશ્રી નિરમલ વખારીયા, ડિરેકટરશ્રી નિમેષભાઈ બચકાનીવાલા, ડિરેકટરશ્રી રવીન્દ્રભાઈ, ડિરેકટરશ્રી શરદભાઈ કાપડીયા, ડિરેકટરશ્રી રાજ કાપડીયા, ડિરેકટરશ્રી અશ્વિનભાઈ જે. દેસાઈ, ડિરેકટરશ્રી ભીખુભાઈ એમ. દેસાઈ, ડિરેકટરશ્રી દિલીપભાઈ ધામણવાલા, ડિરેકટરશ્રી પૂર્ણિમા એ. દેસાઈ, ડિરેકટરશ્રી વૈષ્ણવી એમ.દેસાઈ, ડિરેકટરશ્રી પ્રતિક જે મિસ્ત્રી, ડિરેકટરશ્રી વિનોદચંદ્ર એચ. ગુંડેરવાલા, ડિરેકટરશ્રી રાજ જે. ઠક્કર, સી.ઈ.ઓ.શ્રી કશ્યપ ટી. વાડીઆ, ચેરમેનશ્રી કમલવિજય આર. ટુલસીયન, વાઈસ ચેરમેનશ્રી અરૂણભાઈ બી. કનોડીયા, બી.ઓ.એમ.મેમ્બરશ્રી સંજયભાઈ આર. ગાજીવાલા, બી.ઓ.એમ.મેમ્બરશ્રી તન્મય એમ. અગ્રવાલ, બી.ઓ.એમ.મેમ્બરશ્રી વિરલ એમ. લોખંડવાલા, કોલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી તેમજ કોલેજના તમામ શૈક્ષણિક અને વહિવટી સભ્યો તથા કોલેજના ભૂતપૂર્વ અધ્યાપકો હાજર રહ્યા હતા.




આ આયોજનમાં શૈક્ષણિક વર્ષ ૨૦૦૦ થી ૨૦૨૨ સુધીના વિદ્યાર્થીઓને આમંત્રિત કરવામાં આવ્યા હતા. જે પૈકી ૭૦૦ જેટલા વિદ્યાર્થીઓ ઓફ લાઈન હાજર રહ્યા હતા જ્યારે સુરત શહેરની બહાર રહેતા તેમજ વિદેશમાં રહેતા વિદ્યાર્થીઓ પૈકી ૭૭ થી વધુ વિદ્યાર્થીઓ ઓનલાઈન માધ્યમથી જોડાયા હતા. આ કોલેજમાંથી અભ્યાસ પૂર્ણ કર્યા બાદ આઈ.ટી.ક્ષેત્રમાં ઉચ્ચ સિદ્ધિ પ્રાપ્ત કરનાર જેવા કે સરકારી કચેરીમાં ઉચ્ચ હોદ્દા, નામાંકિત મોટી કંપનીઓ તથા બેંક ક્ષેત્રમાં ફરજ બજાવતા, સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અગ્રેસર, શૈક્ષણિક ક્ષેત્રે, સામાજીક ક્ષેત્રે, ઉદ્યોગક્ષેત્રે અગ્રણી વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. ભૂતપૂર્વ વિદ્યાર્થીઓએ રી–યુનિયન કારોબારીની રચના કરી હતી. રી–યુનિયન કારોબારીની રચના કરવાનો મુખ્ય ઉદ્દેશ દર

મહિને એકવાર અલગ અલગ હેતુથી ભેગા થવાનું, જેના થકી કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને સામાજીક, શૈક્ષણિક અને આર્થિક રીતે મદદ કરી શકાય. સમગ્ર કાર્યક્રમ આયોજન કોલેજ આચાર્યશ્રી ડૉ. મુકેશ આર. ગોયાણી તેમજ બી.સી.એ. ના કો–ઓર્ડિનેટર પ્રા. ડૉ. જૈમીન શુકલાના માર્ગદર્શન હેઠળ પ્રા. ડૉ. વિરલ પોલિશવાલા તેમજ બી.સી.એ.ના સ્ટાફ સભ્યોના સહકારથી થયુ હતું. જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન અને વ્યવસ્થા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા કરવામાં આવ્યું હતું. અંતે બધા ભેગા મળી સુરૂચિ ભોજન લઈ કાર્યક્રમનું સમાપન થયું હતું.

## અમરોલી સ્વનિર્ભર કોલેજનું ગૌરવ



શિક્ષણ વિભાગ, ઉચ્ચશિક્ષણ કમિશનરશ્રી કચેરી, સ્ટેટ એન.એસ.એસ. સેલ ગાંધીનગર દ્વારા આયોજીત " સ્ટેટ" એનએસએસ એવોર્ડ વિતરણમાં નેશનલ સર્વિસ સ્કિમ થકી રાજ્યભરમાં રકતદાન, વ્યસન મુકિત, પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે જેવી વિવિધ શિબિરો મારફતે શ્રેષ્ઠ સેવા તથા જન જાગૃતિની કામગીરી કરનાર એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર અને એન.એસ.એસ.વોલેન્ટરને અવોર્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવે છે. જે અંગે સ્ટેટ એન.એસ.એસ. સેલ, ગાંધીનગર તરફથી તા. ૧૯–૦૪–૨૦૨૩ ના રોજ આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં રાજ્ય ભરમાંથી ૦૪ (ચાર) પ્રોગ્રામ ઓફિસર અને ૧૦ (દસ) વોલેન્ટરની પસંદગી કરવામાં આવી હતી. જે પૈકી જીવન જ્યોત ટ્રસ્ટ અમરોલી સંચાલિત પ્રો.વી.બી .શાહ ઈન્સ્ટીટયુટ ઓફ મેનેજમેન્ટ,આર.વી.પટેલ કોલેજ ઓફ કોમર્સ (અંગ્રેજી માધ્યમ),વી.એલ.શાહ કોલેજ ઓફ કોમર્સ (ગુજરાતી માધ્યમ),સુટેક્ષ બેંક કોલેજ ઓફ કમ્પ્યુટર એપ્લીકેશન એન્ડ સાયન્સ અમરોલીના સ્પોર્ટ ટીચર અને એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર ડૉ. પ્રદીપકુમાર લેંકાને બેસ્ટ એન.એસ.એસ. પ્રોગ્રામ ઓફિસર તરીકેનો એવાર્ડ માનનીય ગૃહમંત્રીશ્રી હર્ષ સંઘવીજીના હસ્તે એનાયત થયો. આ પ્રસંગે માનનીય શિક્ષણમંત્રીશ્રી પ્રફુલભાઈ પાનસેરિયા દ્વારા કોલેજના એનએસએસ કેમ્પ, બ્લડ ડોનેશન કેમ્પ જેવી વિવિધ પ્રવૃતિઓને વાગોળી હતી. આ સિદ્ધિ બદલ સ્પોર્ટ ટીચર અને એન.એસ.એસ.પ્રોગ્રામ ઓફિસર ડૉ. પ્રદીપકુમાર લેંકાને કોલેજના આચાર્ય ડૉ. મુકેશભાઈ ગોયાણી તેમજ શૈક્ષણિક અને વહીવટી સ્ટાફ તથા જીવન જ્યોત ટ્રસ્ટના ટ્રસ્ટી તરફથી હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે.

## Agarwal Vidya Vihar English Medium College, Vesu, Surat.

### અગ્રવાલ કોલેજ, વેસુ એન.એસ.એસ.વિભાગ દ્વારા 'સાયકલ રેલી'નું આયોજન




અગ્રવાલ વિદ્યા વિહાર ઈંગ્લીશ મિડિયમ કોલેજ, વેસુના એન.એસ.એસ. વિભાગ દ્વારા ઈ.ચા. પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆના નેતૃત્વ હેઠળ 'એનર્જી સેવિંગ'ની ભાવના કેળવાય તે હેતુથી સાયકલ રેલીનું આયોજન વેસુ વિસ્તારમાં કરવામાં આવ્યું હતું. રેલીમાં એન.એસ.એસ.ના સ્વયંસેવકો અને સ્વયંસેવિકાઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો તેમજ એન.એસ.એસ.ના સ્વયંસેવકો અને સ્વયંસેવિકાઓએ પર્યાવરણ જાગૃતિ અને એનર્જી સેવિગ અંગે પ્રચાર આ રેલી દ્વારા કર્યો હતો. ઉપરોક્ત કાર્યક્રમમાં કોલેજ ટ્રસ્ટીઓ, ચીફ એડવાઈઝર ડૉ. યુ.ટી.દેસાઈ, ઈ.ચા. પ્રિન્સિપાલ ડૉ. ગૌતમ દુઆ તેમજ શૈક્ષણિક કર્મચારીઓ હાજર રહ્યા હતા.

## નવયુગ કોમર્સ કોલેજ, સુરત

### વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ડબલ પીએચ.ડી થનાર પ્રથમ મહિલા



નવયુગ કોમર્સ કોલેજના પ્રાધ્યાપક ડૉ. રૂચિ હાર્દિક દેસાઈએ શૈક્ષણિક ક્ષેત્રે વિશિષ્ટ સિદ્ધિ રૂપે કોમર્સ વિષયમાં "A Study on the Impect of IFRS Adoption on the Accounting Quality of selected Indian Companies" શિર્ષક પર વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં મહાશોધનિબંધ રજૂ કરતા યુનિવર્સિટીએ તે માન્ય રાખી તેમને પીએચ.ડી. ડિગ્રી એનાયત કરેલ છે. આ મહાશોધનિબંધ નિબંધ તેમણે એસ.પી.બી. ઈંગ્લિસ મિડિયમ કોમર્સ કોલેજના પ્રાધ્યાપક શ્રી ડૉ. પુણ્યપ્રવા પ્રધાનનાં માર્ગદર્શન હેઠળ તૈયાર કર્યો હતો. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં ડબલ પીએચ.ડી. થનાર પ્રથમ મહિલા છે. જે મહિલા વર્ગમાં જવલ્લે પ્રાપ્ત થતી વિશિષ્ટ સિદ્ધિ છે. નવયુગ કોમર્સ કોલેજ પરિવાર તેમને ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે.

## શ્રી સુરત જીલ્લા સહકારી બેંક કોમર્સ કોલેજ એન્ડ શ્રી સાયણ સહકારી ખાંડ ઉદ્યોગ આર્ટ્સ કોલેજ, ઓલપાડ.

### ઓલપાડ કોલેજમાં વાર્ષિક ઈનામ વિતરણ કાર્યક્રમ

આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, ઓલપાડમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૨–૨૩ દરમ્યાન અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ પરીક્ષા તથા ખેલકૂદ, સાંસ્કૃતિક અને સહઅભ્યાસ પ્રવૃતિઓમાં વિશિષ્ટ સિદ્ધિ પ્રાપ્ત કરી છે, તેવા તેજસ્વી તારલાઓને બિરદાવવા માટેનો વાર્ષિક ઈનામ વિતરણ સમારોહ તા. ૧૭–૦૪–૨૦૨૩ના રોજ સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ કલાકે દરમ્યાન કોલેજ કોન્ફરન્સ હૉલમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના કુલપતિશ્રી ડૉ. કિશોરસિંહ એન. ચાવડાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો.

સમારંભની શરૂઆતમાં દીપપ્રાગટ્ય કરી, યુનિવર્સિટીનું સાહિત્યકાર ભગવતીકુમાર શર્મા રચિત ગીતનું સમૂહગાન કરી પધારેલ મહેમાનોનું પુષ્પથી અભિવાદન કરી, કોલેજ સંચાલક મંડળના પ્રમુખશ્રી બળવંતભાઈ પટેલના હસ્તે સમારંભના અધ્યક્ષશ્રી ડૉ. કે.એન.ચાવડાનું શાલ ઓઢાડી સ્મૃતિભેટ આપી સન્માન કરવામાં આવ્યું હતું. માનદ્‌મંત્રીશ્રી વસંતભાઈ આર. પટેલ, સહમાનદ્‌મંત્રીશ્રી રતિલાલ જી. પટેલ, ટ્રસ્ટીશ્રી દોલતસિંહ મહીડા, સિન્ડિકેટ સભ્યશ્રી કિરણભાઈ ઘોઘારી, સેનેટ સભ્યશ્રી દિશાંત બાગરેચા, શ્રી સુરવીસિંહ ઠાકોર કોલેજ સંચાલક મંડળના સભ્યશ્રીઓ, આમંત્રીત મહેમાનો, કોલેજ પરિવારના સભ્યશ્રીઓ, પત્રકારશ્રીઓ તથા ખાસ સિદ્ધિ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આચાર્યશ્રી ડૉ. ઇશ્વરભાઈ પટેલે સ્વાગત પ્રવચન કરી મહેમાનોનો પરિચય આપ્યો હતો. તેમની કોલેજની વિવિધ પ્રવૃતિઓ વિશે વિગતે અહેવાલ આપ્યો હતો. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્યશ્રી કિરણભાઈ ઘોઘારીએ પ્રાસંગિક પ્રવચન કરી વિદ્યાર્થીઓને અભ્યાસ માટે પ્રેરણા પૂરી પાડી હતી.

આ પ્રસંગે મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત શ્રી પી.કે. દેસાઈ કેળવણી મંડળના પ્રમુખશ્રી બળવંતભાઈ આર. પટેલે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું ઈનામ પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને પોતાનાં ક્ષેત્રમાં ખૂબ આગળ વધે અને જેમણે ઈનામ પ્રાપ્ત કર્યા નથી તેમને ખૂબ મહેનત કરવા પ્રયત્ન કરવા અનુરોધ કર્યો હતો. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિશ્રી કે.એન.ચાવડાએ જણાવ્યું હતું કે ઓલપાડ જેવા ગ્રામ્ય વિસ્તારમાં આવેલી આ કોલેજ શૈક્ષણિક અને સહઅભ્યાસકીય પ્રવૃતિમાં વિશિષ્ટ સિદ્ધિ હાંસલ કરી છે અને આ વિસ્તારના વિદ્યાર્થીઓને ઉચ્ચશિક્ષણની ઉમદા સેવા પૂરી પાડી છે તેથી કોલેજ સંચાલક મંડળના તમામ હોદેદારો, આચાર્યશ્રી તથા સ્ટાફ મિત્રોને અભિનંદન આપી ઈનામ પ્રાપ્ત કરનાર તમામ વિદ્યાર્થીઓને પ્રેરક પ્રવચન આપ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત તમામ મહેમાનો સ્ટાફ તથા વિદ્યાર્થીઓ સાથે સમૂહ ભોજન રાખવામાં આવ્યું હતું. તમામ સ્ટાફે આખા કાર્યક્રમમાં ઉત્સાહ પૂર્વક કામગીરી કરી હતી.

સમારંભના અંતે પ્રા. દક્ષાબેન કોન્ટ્રાકટરે આભાર વિધિ કરી હતી. ઉદ્‌ઘોષક તરીકે પ્રા.ડૉ. આર.પી.પટેલ અને ડૉ. ગીતાબેન ગરાસિયાએ સેવા આપી હતી. કાર્યક્રમનું સંચાલન સાંસ્કૃતિક સમિતિના અધ્યક્ષ પ્રા. ડૉ. એન.કે.રાઠોડે કર્યું હતું.









## C. N. Kothari Homeopathic Medical College & Research Centre, Vyara.

### World Homeopathic Day - 2023





On 10/04/2023 C. N. Kothari Homeopathic Medical College & Research Centre, Vyara organized a Medical Camp at three different villages of Indu, Katasvan and Khushalpura by Kalidas Hospital as a part of the celebration of "World Homeopathic Day". In this programme various educational activities like quiz, skits, speech and drama were organized by the Homeopathic department of the college. All the students participated enthusiastically. The programme was started with welcome speech by the Principal of the college Dr. (Mrs.) Jyoti Rao, followed by garlanding to Maa Sarswati and Dr. Hahmenann and lighting the lamp. Secretary Dr. Pankaj Lathiya of HMAI Vyara Unit administered the Hahnemannian oath. At the end of the programme cutting of cake was done on occasion of Dr. Samuel Hahnemann 268th birthday celebration. The students who participated in this programme were awarded by Certificate from the college and token of gift by HMAI Vyara Unit. Dr. Jayeshbhai Patel Ex. President of HMAI Surat Central Unit delivered the speech on this occasion. Vote of thanks was given by Dr. Bhavin Modi. Finally the programme was concluded with mass "National Anthem" & Sweet distribution.

The entire programme was conducted by Dr. Swapnil Khengar and team under the success ful guidance of Principal Dr. (Mrs.) Jyoti Rao.

## Udhna Citizen Commerce College & S.P.B. College of Business Administration & Smt. Diwaliben Harjibhai Gondalia College of BCA & I.T., Udhan, Surat.

### ઉધના કોલેજ એન્ડ ચાર્ટડ એકાઉન્ટન્ટ એસોસીએશન વચ્ચે MoU

ઉધના કોલેજ દ્વારા Chartered Accountant of Surat ની સાથે MoU કરવામાં આવ્યો છે. આ JES હેઠળ વિદ્યાર્થીઓનાં કૌશલ્ય વિકાસ માટે તાલીમ, ઈન્ટર્નશીપ અને પ્લેસમેન્ટ વગેરે બાબતો આવરી લેવામાં આવશે જે વિદ્યાર્થીઓને એકાઉન્ટિંગ ક્ષેત્રે ભવિષ્યમાં સારી કારકિર્દી બનાવવામાં મદદરૂપ થશે. આ MoU કોલેજ આચાર્ય ડૉ. મેહુલ દેસાઈનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.



### ઉધના કોલેજમાં G-20 હેઠળ નિબંધ લેખન સ્પર્ધાનું આયોજન

ઉધના કોલેજમાં G-20 અંતર્ગત વિવિધ વિષયો પર "નિબંધ લેખન સ્પર્ધા"નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધામાં વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં મિશ્રા ઓમ (FYBBA) પ્રથમ ક્રમ, ભોજાવાલા સેજલ (FYBCOM) દ્વિતિય ક્રમ અને મિશ્રા નેન્સી (TYBCOM) તૃતીય ક્રમ પ્રાપ્ત કર્યો હતો. આ સ્પર્ધાનું આયોજન કોલેજ આચાર્ય ડૉ. મેહુલ પી. દેસાઈ, ઉપાચાર્ય ડૉ. ડેઈઝી તેક્કનાલ, ઉપાચાર્ય ડૉ. મનીષ કાયસ્થ અને કો–ઓર્ડિનેટર ડૉ. તેજસ ઘડિયાળીનાં માર્ગદર્શન અને સમર્થન હેઠળ કરવામાં આવ્યું હતું.

## યુનિવર્સિટી ગ્રંથાલય

### Footfall : Dt. 1-4-2023 to 30-4-2023

| Detail | Description | April-2023 | |
|---|---|---|---|
| User | Visitors | 701 | |
| | Internet Lab User | 71 | |
| Registered Members | Senate/Syndicate Members, Deans Professor and Lecturers, PG Teacher in Affiliated Colleges, University Visiting Teachers, Principals, Lecturers of Collage, Asst, Librarian | 16 | |
| | UG/PG Students | 2629 | |
| | Research Scholars | 12 | |
| | Non Teaching Staff | 0 | |
| | Online User | 1 | |
| | Online User | - | |
| | Total | | 3430 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### Circulation Section

| Month | Book Issue | Book Return |
|---|---|---|
| April-2023 | 321 | 528 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Circulation Section.

### પીએચ.ડી. સંશોધનાર્થી – પ્રકાશિત કરેલ રિસર્ચ પેપર અને કોન્ફરન્સ/સેમિનાર : ખરાઈ પ્રમાણપત્ર (તા. ૧૬–૩–૨૦૨૨ થી પ્રારંભ)

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | April-2023 | 13 |

Sources : Ms. Mitali Patel, Jr. Cleark, Circulation Section.

### Details of Ph.D./M.Phil. Plagiarism Detection Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | April-2023 | 15 |

Sources: Dr. Jitesh Topiwala, Tech. Assistant, Classification Section.

### Details of Ph.D./M.Phil. CD Verification Certificate Issue

| No. | Month | Nos. of Certificate |
|---|---|---|
| 1 | April-2023 | 11 |

Sources: Pintu I. Patel, Jr. Library Assistant, Acquisition Section.

**Chief Editor: Dr. K. C. Poria**
Professor and Head
Department of Physics, Veer Narmad South Gujarat University,Surat.

**Editor: Dr. Parul R. Patel**
I/c. Librarian, Veer Narmad South Gujarat University, Surat.

**Co-Editor: Dr. Bharat Thakor**
Assistant Professor, Department of Gujarati, Veer Narmad South Gujarat University,Surat.

**Publisher : Dr. R. C. Gadhvi**
Registrar, Veer Narmad South Gujarat University, Surat.

**Type and Design by: Shri Pintu I. Patel**
Jr. Library Assistant, Veer Narmad South Gujarat University, Surat.

'દક્ષિણાયન' સરનામુ : તંત્રી, દક્ષિણાયન, યુનિવર્સિટી ગ્રંથાલય, વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, ઉધના–મગદલ્લા રોડ, સુરત–૩૯૫૦૦૭ e-mail: dakshinayan@vnsgu.ac.in

This e-NEWSLETTER IS ALSO AVAILABLE ON THE LIBRARY AT WEBSITE www.vnsgu.ac.in